ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ | અંક : ૫૦ | તંત્રી : અરવિંદ કે. રાણા | ● તારીખ : ૧૨-૧૨-૨૦૧૩, ગુરૂવાર | R.N.I. No. GUJGUJ/2000/1951 | ● કિંમત : રૂા. ૪.૦૦ | ● પાના : ૪

## આચાર્ય જ્ઞાનેશ્વરજીનો ઈંગ્લેન્ડમાં વેદપ્રચાર

# બાળકોમાં વૈદિક સંસ્કૃતિ ટકી રહે તે માટે પૂર્ણ પ્રયત્નો કરવા જોઈએ : આચાર્ય જ્ઞાનેશ્વરજી

**(જયાબેન પોરીયા દ્વારા)**

આપણે બધા જાણીએ છીએ કે વાતપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડના પૂ. આચાર્ય જ્ઞાનેશ્વરજી દેશ અને વિદશેમાં વેદ-પ્રચાર કરવા પુરુષાર્થ કરી રહ્યા છે. આ વર્ષે આપનો વિદેશ પ્રચાર કાર્યક્રમ લગભગ બે મહિનાનો હતો. એક મહિનો કેનેડામાં અને એક



મહિનો ઈંગ્લેન્ડમાં. કેનેડાના પ્રચારનો અહેવાલ ગત મહિને અગ્નિપણમાં આપી દીધો છે. જે આપ બધાએ વાંચેલ હશે. ઈંગ્લેન્ડના કાર્યક્રમની વિગત નિમ્ન છે.

તા. ૨૬ ઓગષ્ટ થી ૨૮ સાપ્ટેમ્બર ૨૦૧૩ દરમ્યાન આચાર્યજી ઈંગ્લેન્ડમાં વેદપ્રચારાર્થે ૧૨મી વાર આવ્યા હતા. તેમાં પ્રથમ સપ્તાહમાં લંડનમાં યજ્ઞ કરાવ્યો અને પારિવારિર સત્સંગ કાર્યક્રમો યોજાયા હતા. બીજા સપ્તાહે લેસ્ટર નગરમાં ત્રણ કાર્યક્રમોમાં સર્વપ્રથમ બેલગ્રેવ નેબરહુડ સેન્ટર બેલગ્રેવ રોડ ઉપર આર્ય વૈદિક સોસાયટીમાં તા. ૧લી સપ્ટેમ્બરે હતો. તે પ્રવચનમાં આચાર્યજીએ વૈદિક સભ્યતા ઉપરાંત જીવનના લક્ષ્ય વિષે તેમજ યજ્ઞથી થતા લાભો વિષે જણાવતા રહી લોકોને વૈદિક રામાયણ કાળ સુધી લઈ ગયા હતા. દેવતા કોને કહેવાય જણાવી આત્મયાજ્ઞી કોને કહેવાય તે પણ જણાવ્યુ હતું. તદુપરાંત ઈશ્વરની ઉપસાના એટલે શું, કેવી રીતે, ક્યારે કરાય વગેરે પ્રેરણા આપી લોકોને ઈશ્વર પ્રત્યે ભાવવિભાર કર્યા હતા. આ પ્રવચન કાર્યક્રમમાં ફક્ત લેસ્ટરના જ નહીં પરંતુ આસપાસના અનેક નગરોમાંથી આર્યસજજનો આચાર્યજીનું પ્રવચન સાંભળવા મોટી સંખ્યામાં આવ્યા હતા. લેસ્ટરનું બીજું પ્રેરણાદાયી પ્રવચન આ જ હોલમાં તા. ત્રીી સપ્ટેમ્બરના રોજ હતું.

આચાર્યજીનું ત્રીજું પ્રવચન તા. ૫મી સપ્ટેમ્બરમાં વિશ્વ હિંદુ પરિષદની સંસ્થા જે ૪૬-૪૮ લોફબરો રોડ પર આવેલી છે ત્યાં હતું. આ સંસથાના કાર્યકર્તાઓએ જાતે એડવર્ટાઈઝ કરી આચાર્યજીને પ્રવચન માટે આમંત્રિત કર્યા હતા. અહીં પ્રવચનનો વિષય જીવન-નિર્માણ કરી સામાજિક કર્તવ્ય દ્વારા રાષ્ટ્રમાં શાંતિ સ્થાપના અર્થે વૈદિક-ધર્મની અગત્યતા છે તે વિશે જણાવ્યું હતું. તદુપરાંત એ પણ જણાવ્યું હતું કે, વિદેશમાં રહેવા છતાં વૈદિક સંસ્કૃતિની જાળવણી કેવી રીતે થઈ શકે. આધ્યાત્મિક અને ભૌતિકવાદની તુલના કરી ઐતિહાસિક વાતો જણાવી ધર્મ અને સંસ્કૃતિ દ્વારા બાળકોમાં સુસંસ્કાર સ્થાપિત કરવા માટે શાળઓની સ્થાપના કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. આચાર્યજીનું આ સંસથામાં અપાયેલ પ્રવચન ખૂબ જ પ્રેરણાદાયી હોવાથી લોકોમાં ખૂબ જ સારો પ્રભાવ પડ્યો હતો. બે કલાકના આ પ્રવચન કાર્યક્રમમાં અંતે શંકા-સમાધાન પર રાખવામાં આવ્યું હતું.

લેસ્ટરના ત્રણ પ્રવચન-કાર્યક્રમો બાદ ચોથો કાર્યક્રમ આઠમી સપ્ટેમ્બરે રવિવારના રોજ એક દિવસમાં ત્રણ-ત્રણ નગરોમાં પ્રવચનો થાય. તેમાંના બર્મીંગ્ઘામ નગરમાં સવારમાં યજ્ઞ-પ્રવચન, બપોરના બ્રિસ્ટલ નગરમાં જે એક દિવસની નોટીસમાં યજ્ઞ-મંડળ નામે સંસ્થામાં યજ્ઞ તથા પ્રચન કાર્ય થાય જ્યાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. અને સાંજનાં નોટ્ટીંગ્ઘમ નગરમાં મંદિરના હોલમાં કાર્યક્રમ હતો. આ ત્રણેય નગરના પ્રવચનનો સાર એ હતો કે સફળ જીવન માટે જીવન-વ્યવહાર કેવી રીતે ચાલવવો, બાળકો પ્રત્યે મા-બાપની શું ફરજો છે, ઈશ્વર-ઉપાસનાથી આપણે કેવી રીતે લાભ ઉઠાવી શકીએ તેમ છીએ, ઈશ્વરાજ્ઞાનું પાલન એટલે શું, ધર્મ એટલે શું, ઈશ્વરને માનવાનો મતલબ શું છે, સાચો ધાર્મિક કોણ છે, અંદરની ભક્તિ એટલે શું વગેરે વિષયો આવરી લેવામાં આવ્યા હતા. મંદિરના હોલમાં પ્રવચનમાં રામચંદ્રજી, કૃષ્ણચંદ્રજી, હનુમાનજી વગેરે મહાન આત્માઓથી આપણે કેવી પ્રેરણા લેવી જોઈએ તે વિષે સમજણ આપી હતી, ધ્યાન પણ કરાવ્યું હતું.

ત્યારબાદ લેસ્ટરમાં તા. ૧૩ સપ્ટેમ્બરના શુક્રવારે જાનકી-મંડળ દ્વારા ઓમ-સેન્ટર હોલમાં આચાર્યજીનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. અહીં ભાઈઓ કરતાં બહેનોની સંખ્યા વધારે હતી. તેથી બહેનોને પ્રેરણા આપી સાચા અર્થમાં ધાર્મિક રહી બાળકોમાં સંસ્કારસિંચન કરવા માર્ગ દર્શન આપ્યું હતું.

તા. ૧૫ મી સપ્ટેમ્બર થી ૨૨ સપ્ટેમ્બર સુધીમાં આચાર્યજીના પ્રવચનો થોડા દિવસ માટે ગ્રાન્થમ ગામમાં અને થોડા દિવસો ગ્રેઈટ-યાર-મૌથ નગરમાં હતા. ગ્રાન્થમમાં પારિવારિક સત્સંગો અંતર્ગત એક વિદેશી સ્કોટીશ કુટુંબમાં તેઓને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. મોટી ઉંમરના સ્કોટીશ કપલ સાથે આચાર્યજીએ લગભગ પોણો કલાક વાર્તાલાપ કરી તેઓને ભાવવિભોર કર્યા હતા. આપણા લોકો જે સંતની આરતી ઉતારી સ્વાગત કરે છે તે રીતે તે સ્કોટીશ કપલે સ્કોટીશ રિવાજ મુજબ આચાર્યજીનું સ્વાગત કર્યું હતું અને ખૂબ જ આનંદ વ્યક્ત કરી ફરી મળવા માટે ખાસ આમંત્રણ આપ્યું હતું.

ગ્રેટ-યાર-મૌથ નગરમાં એક દિવસની નોટીસ ગાળામાં ત્રણ કલાકના આ કાર્યક્રમમાં પ્રથમ હવન કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આચાર્યજીનું વિસ્તારથી પ્રવચન હતું આ નગરના આર્યસજજનો હાઈ સોસાયટીમાં ગણી શકાય કારણ કે આ સંસ્થામાં આવનાર મુખ્યત્વે ડૉક્ટરો અને ગવર્મેન્ટ સર્વિસ કરતાં હાઈ પોસ્ટ પર રહેલા આર્કિટેક્ટ, એન્જીનિયરો વગેરેની સંખ્યા વિશેષરૂપે જોવામાં આવી હતી. અહીંના સતત સવા કલાકના પ્રવચનમાં વેદ-ઉપનિષદ, યજ્ઞ, ભારતીય સંસ્કૃતિ વગેરે વિશે ઘણી જ પ્રભાવશાળી રજુઆત કરી



લોકોને ખૂબ-ખૂબ પ્રેરણા આપી બાળકોમાં આ સંસ્કૃતિ ટકી રહે તે માટે પૂર્ણ પ્રયત્નો કરવા જણાવ્યું હતું.

આચાર્યજીનું છેલ્લું પ્રવચન લંડન આર્ય સમાજ ઈલીન્ગમાં તા. ૨૯ સપ્ટેમ્બરના તેમના ભારત પાછા આવવાના દિવસે જ હતું. વચ્ચે જ્યારે જ્યારે સમય હતો ત્યારે ત્યારે આચાર્યજીનું વાનપ્રસ્થ સાધક આશ્રમના સંચાલનનું કાર્ય ટેલીફોન દ્વારા થતું રહેતું હતું અને લેખન કાર્ય પણ ચાલુ જ રહેતું હતું.

આ રીતે વૈદિક ધર્મના પ્રચારાર્થે સમયનો પૂરેપૂરો સદુપયોગ કરી, પોતાની પ્રખર-તેજસ્વી વાણીથી નિ:સ્વાર્થ ભાવે, શરીરની પરવા કર્યા વિના સતત કાર્યરત રહી, લાખો લોકોને આચાર્યજી પ્રેરણા આપે છે. જે લોકો આચાર્ય જ્ઞાનેશ્વરજીના નિકટના સંપર્કમાં આવે છે તેઓ જ તેમના કોમળ અને દરિયાવ દિલની વિશાળતાનો અનુભવ કરી શકે છે. ધન્ય છે એ જનેતાને જેણે આવા સપૂતને જન્મ આપ્યો. ધન્ય છે એ પૂજય ગુરુવર સત્યપતિજીને જેણે આવા વેદોદ્ધારક શિષ્યોને તૈયાર કર્યા અને ધન્ય છે આ ભારત માતાને જેણે સ્વામી દયાનંદ અને વિરજાનંદ જેવા ઋષિઓને પ્દા કરી તેઓ દ્વારા વેદોને ઉજાગર કર્યા અને છેલ્લે ધન્ય છે એ સત્-ચિત્-આનંદ સ્વરૂપ પરમેશ્વરને જેણે રોગગ્રસ્ત ભારત ભૂમિને સ્વચ્છ જીવન પ્રદાન કરવા નિરોગી વિચારધારાનો વેદ-રસ આપી, તે રસ પિવડાવી શકે તેવા અનેક વૈદિક વિદ્વાનોને પ્રેરણા આપી.



તાજેતરમાં ઓલ ઈન્ડિયા વાડો-કાઈ કરાટે - ડો અશોસિએશન દ્વારા દમણખાતે યોજાયેલ ૧૬મી ઓલ ઈન્ડીયા વાડો-કાઈ કરાટે ચેમ્પિયનશીપ-૨૦૧૩ માં શ્રી જિજ્ઞેશભાઈ રસિકભાઈ ઠક્કરનો સુપુત્ર શ્રી હવ્ય ઠક્કરએ ભાઈઓના ૧૦-૧૧ વર્ષના વયજૂથમાં ટીમ કુમીતે ની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ અને કાતાની ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. રાષ્ટ્રિય કક્ષાની સ્પર્ધામાં મેળવેલ સિદ્ધિ બદલ શ્રી પ્રવિણભાઈ ઠક્કર, શ્રી શિવરામભાઈ ઠક્કર,કરાટે કોચએ હવ્યને ખૂબ અભિનંદન પાઠવ્યાં હતા. હવ્ય ઠક્કર લાંભવેલ રોડ પર આવેલ ગુરુકૃપા સ્કુલમાં કરાટેનો નિયમિત અભ્યાસ કરી રહ્યા છે.


## गृहस्थ जीवन को सुखी कैसे बनाए ?

: વક્તા :

**સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક**
**નિદેશક, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ, સાબરકાંઠા**



**કાર્યક્રમની રૂપરેખા**

**કાર્યક્રમની તારીખ : ૦૫/૦૧/૨૦૧૪**

૯:૦૦ થી ૧૦:૩૦ પ્રથમ સત્ર — ૧૦:૩૦ થી ૧૧:૦૦ જલપાન
૧૧:૦૦ થી ૧૨:૩૦ બીજુ સત્ર — ૧૨:૩૦ થી ૧:૩૦ ભોજન

**પ્રવેશ શુલ્ક : રૂ. ૧૦૦.૦૦**

: પ્રવેશ માટે સંપર્ક :
શશીકાંતભાઈ આર્ય મો. : ૮૮૬૬૦૮૧૦૯૬
સંજયભાઈ આર્ય મો. : ૯૪૨૬૩૮૧૩૦૨

**આયોજક** — આર્યસમાજ, અમદાવાદ
**વ્યવસ્થાપક** — વૈદિક સંસ્થાન, ઓઢવ

**: કાર્યક્રમનું સ્થળ :**

ટાઉન હોલ, એલિસબ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન




## જાહેર આમંત્રણ



### સંકલ્પિત અભિનંદન સમારોહ

**એક અભૂતપૂર્વ કાર્ય**



વાનપ્રસ્થી દયાલમુનિ આર્ય,
(પ્રો. દયાલજી પરમાર)
ભૂ.પૂ. અધ્યક્ષ, કાયચિકીત્સા વિભાગ,
જામનગર આયુર્વેદિક વિશ્વવિદ્યાલય

ગુજરાતની આર્યજનતાને માટે એ પ્રસન્નતા અને ગૌરવની બાબત છે કે ગુજરાતના અને પૂરા વિશ્વના આર્યસમાજના ઈતિહાસમાં એક અભૂતપૂર્વ ઘટના ઘટી છે. આ ઘટના છે સ્વામી દયાનંદ સંમત મન્ત્રાર્થવાળા ચારેય વેદોના ગુજરાતી ભાષામાં થયેલા અનુવાદની. ગુજરાતી ભાષામાં આ કાર્ય પ્રથમ વખત જ થયું છે. વળી જે આકાર અને પ્રકારમાં આ વેદો પ્રકાશન પામ્યા છે, તે આકાર અને પ્રકારની દ્રષ્ટિએ પણ આર્યજગતના ઈતિહાસમાં ગુજરાતી ભાષામાં પ્રકાશિત આ વેદો અપૂર્વ છે. કેમ કે આવું સુંદર આકર્ષક પ્રકાશન આટલા સસ્તા મૂલ્યમાં ક્યાંય ઉપલબ્ધ નથી.

વેદોના ગુજરાતી ભાષાંતરનું આ ભગીરથ કાર્ય વાનપ્રસ્થી શ્રી દયાલમુનીએ પરમ પુરુષાર્થથી લગભગ ૬ વર્ષ સુધીના અવિરત પરિશ્રમથી સંપન્ન કરી આપ્યું છે. તેમણે રાત-દિવસ વણથાક્યે આ વેદાનુવાદનું કાર્ય કર્યું છે. તેઓ પોતે અત્યારે ૭૯ વર્ષના છે. વૃદ્ધાવસ્થાને કારણે શરીર અને હાથનો સાથ અલ્પ હોવા છતાં અને અન્ય શારીરિક સમસ્યાઓના કારણે સૂક્ષ્મ યાતનાઓ હોવા છતાં, તે સર્વને સહન કરતાં રહીને પણ તેમણે વેદોના ગુજરાતી અનુવાદરૂપી મહાયજ્ઞને પૂર્ણ કર્યો છે.

માનનીય દયાલમુનિજીએ પ્રારંભ કરેલા આ વેદોના ગુજરાતી ભાષાના અનુવાદ યજ્ઞના આયોજક તરીકે આપની પ્રિય અને દેશ તથા દુનિયામાં જાણીતી બનેલી વાનપ્રસ્થ સાધક આશ્રમ સંસ્થા રહી છે. ચારેય વેદોના પ્રકાશનનો મહાન કાર્યભાર વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા ઉપાડી લેવામાં આવ્યો છે. આમાંના યજુર્વેદ, સામવેદ, તથા ઋગ્વેદના ત્રણ ભાગોનું પ્રકાશન આશ્રમ દ્વારા થઈ ચૂક્યું છે. ઋગ્વેદનો ચોથો ભાગ અને અથર્વવેદના બે ભાગોનું પ્રકાશનનું કાર્ય પ્રગતિ ઉપર છે.

ગુજરાતી ભાષામાં ચારેય વેદોને પ્રકાશિત કરવાનું કાર્ય ત્યારે જ સંભવિત બન્યું છે, જ્યારે આ ભગીરથ કાર્યને કરનારા ઋષિભક્ત વાનપ્રસ્થી શ્રી દયાલમુનિજી સંસ્થાને પ્રાપ્ત થયા છે. આ વેદસેવકનું સન્માન કરવાનું વાનપ્રસ્થ સાધક આશ્રમ-રોજડ, બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રતિનિધિ સભા, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ નક્કી કર્યું છે.

-આચાર્ય જ્ઞાનેશ્વરજી

**કાર્યક્રમની તારીખ : ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૩**

**કાર્યક્રમનું સ્થળ**

**વાનપ્રસ્થ સાધક આશ્રમ આર્યવન , રોજડ, ગુજરાત**

नाकृत्वा प्राणिनां हिंसा मांसमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥
मनुस्मृति ४८(१०)

પ્રાણીઓની હિંસા કર્યા વગર કદી પણ માંસ પ્રાપ્ત થતું નથી અને જીવોની હત્યા કરવી સુખદાયક નથી આ કારણે માંસ ખાવું ન જોઈએ.

## તંત્રી સ્થાનેથી....

### અંતે કેન્દ્ર સરકારે ઝુકવું પડ્યું, સુપ્રિમની દખલગીરીથી ગુજરાતને સીએનજી-પીએનજી સસ્તા ભાવે મળશે

ગુજરાત સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી એક જાહેર હિતની અરજીની સૂનાવણી દરમ્યાન સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં આપેલા એક ચૂકાદામાં જણાવ્યું હતું કે, અન્ય રાજ્યોને જે એપીએમ ફોર્મ્યુલાના સસ્તા ભાવે સીએનજી ગેસ આપવામાં આવે છે તે જ ભાવે અમદાવાદ-ગુજરાતને પણ સીએનજી ગેસ ફાળવવામાં આવે. ગુજરાત વડી અદાલતના આ કેસ સંદર્ભના નિર્ણયને સર્વોચ્ચ અદાલતે પણ માન્ય રાખ્યો છે ત્યારે આના અમલ માટે કેન્દ્ર સરકાર દ્વારા સમયની માંગણી કરવામાં આવી હતી. અને એ માંગણીના સંદર્ભમાં કેન્દ્રના પેટ્રોલિયમ વિભાગના સંયુક્ત સચિવ દ્વારા અદાલતમાં સોગંદનામું રજુ કરી ગુજરાતને હજીરા ખાતેથી ગેઈલ કંપની દ્વારા સસ્તો સીએનજી આપવાની તૈયારી દર્શાવવામાં આવી છે. અને તે માટેનો અમલ કરવાની ખાત્રી પણ આપવામાં આવી છે.

ગુજરાતમાં લગભગ ૨.૩૫ લાખ જેટલા સીએનજી વાહનધારકોને ભાવ ઘટાડાનો લાભ મળશે. અને વાહનધારકોને કમ્મરતોડ મોંઘવારીના આ કપરા સમયમાં મોટી રાહત થશે.

ગુજરાત સરકારની માંગને સર્વોચ્ચ અદાલતના ચૂકાદાએ માન્ય રાખ્યું છે. સર્વોચ્ચ અદાલતે તેના નિર્ણયમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા બે રાજ્યો વચ્ચે ફાળવણીમાં અન્યા કે ભેદભાવ રાખી શકે નહિં. આમ ગુજરાતની જનતાને હવે કેન્દ્રની યુપીએ-૨ સરકારના અન્યાયનો ભોગ નહિં બનવું પડે.

# વિવિધ વિરોધી લહેરોને સમેટી એકરૂપ બનાવવું ધર્મ છે

**પ્રજામાં અશ્રદ્ધા, અવિશ્વાસ, નાસ્તિકતા, સાંપ્રદાયિકતા, ભેદ પેદા કરવા જેવા મહાન અને અક્ષમ્ય દંડનીય અપરાધ કરનારાઓ સામે પ્રજામાં આક્રોશ ઉત્પન્ન થવો જરૂરી છે.**

## વેદવાણી

(૨) - અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર)

વિજ્ઞાન (પદાર્થ વિદ્યા) સમસ્ત જગતને એકરૂપ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે, પરંતુ આ પ્રયત્ન ભૌતિક આવશ્યકતાઓ (સમ્બન્ધિક) = બાબતોને જ લાગૂ પડે છે. વિજ્ઞાનની પ્રગતિથી આતંરિક પ્રગતિ જોખમમાં મુકાઈ જવાનો ભય છે, કારણ કે ભૌતિક વસ્તુઓને સાધનરૂપમાં પ્રયોગ = ઉપયોગ કરવાને બદલે સાધનોના અભિવદ્ધનને ભૌતિકવાદી લક્ષ્ય = સાધ્ય બનાવીને બેસી ગયો છે.

વિજ્ઞાન = અપરાવિદ્યા = પદાર્થ વિદ્યા. અપરા વિદ્યાર્થી ભૌતિક આવશ્યકતાઓની સંમ્પૂર્તિ કરી પરાવિદ્યા = બ્રહ્મવિદ્યા = આત્મવિષયક વિદ્યા વડે આત્માની મૌલિક આવશ્યકતા = પ્રમુખ આવશ્યકતા એટલે કે પરમસુખ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન અત્યારે અસ્થાને થઈ ગયો છે.

ગમે તે મંદિર કે મઠનો પ્રવાસ કરતાં આપને સ્પષ્ટ જણાઈ આવશે કે દરેક જગ્યા ઉપર ભૌતિક પદાર્થો વડે બાહ્ય અલંકરણ = શ્રૃંગાર = ભવ્યતાનું રાજ્વી સામ્રાજ્ય વ્યાપી ગયુ છે. કહેવાતા સ્વામીઓ = સાધુઓ = મઠધિષો વાતાનુકૂલિત ગાડીઓમાં, ભવનોમાં = મઠોમાં વિલાસ કરતાં ગૃહસ્થને કે રાજાઓ = મંત્રીઓને પણ શરમાવે તેવી ભૌતિક સમૃધ્ધિનું રાગપૂર્વક રસ લેતાં જોવા મળે છે.

વર્તમાન જીવનમાં જ જગતમાંથી અનાસક્ત બાહ્ય રીતે સામાન્ય માનવીની જેમ જીવતાં અસામાન્ય વિરાટ વ્યક્તિત્વ ધરાવતાં મહાન માનવીઓની અક્ષત થઈ ગઈ છે. આધુનિક સાધુઓના આધુનિકીકરણે શ્રદ્ધાવાન સમાજની શ્રદ્ધાને ચલિત કરી છે. પરમ્પરાથી ત્યાગ, બલિદાન, તપસ્યા, સહિષ્ણુતા, ઉદારતાને પ્રાધાન્ય આપતી આર્ય = હિંદુ પ્રજા જ્યારે આવા રાજ્વી ધર્મ -ધુરન્ધરોને જોવે છે ત્યારે તેમની શ્રદ્ધાને હાનિ = ચોટ = આઘાત પહોંચે છે અને સાચા ધર્મ પ્રત્યે પણ પ્રજામાં અશ્રદ્ધા = અવિશ્વાસ = નાસ્તિકતાનો ભાવ ઉત્પન્ન થઈ જાય છે. પ્રજામાં અશ્રદ્ધા, અવિશ્વાસ, નાસ્તિકતા, સાંપ્રદાયિકતા, ભેદ પેદા કરવા જેવા મહાન અને અક્ષમ્ય દંડનીય અપરાધ કરનારાઓ સામે પ્રજામાં આક્રોશ ઉત્પન્ન થવો જરુરી છે. ધીમી ગતિનું ઝેર જે જીવનની ગતિમાં અવરોધ = અન્તરાય સમાન છે, જો યથાશીઘ્ર રાજ્ય-વ્યવસ્થા અને ન્યાય-વ્યવસ્થા દ્વારા બંધ કરવામાં નહિ આવે તો આવતી પેઢીની દુર્દશા અને દયનીય સ્થિતિનો અપરાધ વ્યવસ્થાના માથે લાગ્યા વિના નહિ રહે.

કોઈ પણ વસ્તુ = તત્ત્વ = દ્રવ્ય (પરોક્ષ કે અપરોક્ષ) વિશે પરસ્પર વિરોધી મતોનું અસ્તિત્વ સંઘર્ષ અને કલહને આમંત્રણ આપે છે, આપી રહ્યો છે અને આપશે. પ્રત્યક્ષ અથવા પરોક્ષ (બંને) પદાર્થો વિશે સાર્વત્રિક ઐક્ય સ્થાપિત કરવાનું પવિત્ર કર્મ એટલે ન્યાય = ધર્મ. મારી મચેડીને પોતાના મતને સર્વોચ્ચ સાબિત કરવું અન્યાય = અધર્મ છે. પ્રત્યક્ષ પદાર્થો વિશે વિજ્ઞાન (Science) દ્વારા થતાં અપ્રત્યાશિત પ્રયત્ન સરાહનીય છે. વિજ્ઞાન ભૌતિક પદાર્થો વિશે વૈશ્વિક એકત્વ ઉપસ્થિત કરવામાં મહદ્અંશે ઉત્તરોત્તર સફળ થઈ રહ્યો છે પણ યશ-વિદ્યાના કહેવાતા વિદ્વાનો અપ્રત્યક્ષ નિત્ય પદાર્થો ઈશ્વર, જીવ અને પ્રકૃતિ વિશે વિરોધાભાષી, ભ્રાન્તિયુક્ત, સંશયુક્ત વિચારો પ્રસ્તુત કરી પરાવિદ્યાનો અપરા વિદ્યા સામે ઉપહાસ કરાવી રહ્યાં છે.

જો નિશ્ચિત સમય મર્યાદાની અંદર આધ્યાત્મિક વિષયો ઉપર મતભેદો સમાપ્ત કરવાના ભગીરથ કાર્ય કરવામાં નહીં આવે તો ચાલતું અવૈધાનિક = અધાર્મિક = અન્યાયી કૃત્યોનું અન્તિમ પરિણામ ભયંકર વિનાશકારી યુદ્ધોના સ્વરૂપમાં જોવામાં = પરિણમવામાં સયમ નહીં લાગે. આપણી પૃથિવીને વેદવાણી = વેદને આધારભૂત ઉપકારક પ્રમાણ માની શાંતિ સ્વરૂપા, સુખદાયિની, શાન્તિદાયિની કલ્યાણદાયિની અને મોક્ષદાયિની બનાવીએ.

ભૌતિક પદાર્થો જેમ કે ભૂમિ, ધન-સમ્પત્તિ અને અન્ય ભોગ્ય પદાર્થો, રાજ-સત્તા વગેરે બાબતે થતાં સંઘર્ષો સમાજ ઉપર અલ્પકાલિક પરિણામ કે પ્રભાવ પાડે છે, જ્યારે ઈશ્વર અને આત્માને લગતાં આધ્યાત્મિક વિષયો બાબતે થતાં સંઘર્ષો સદીઓ-સદીઓ સુધીની દીર્ઘકાલિક અસરો = પરિણામો = પ્રભાવો માનવીય સમાજ ઉપર પાડે છે. ઈતિહાસ આ બાબતે સાક્ષી છે. ધાર્મિક બાબતે એ અતિ સંવેદનશીલ બાબતો છે. ધર્મ, ઈશ્વર, આત્મા જેવા વિષયોનું અધ્યયન, અધ્યાપન, પ્રસારણ કરનારી જવાબદાર વ્યક્તિ કે સંસ્થાએ ખૂબ સાવધાન રહેવાની જરૂર છે. ભૌતિક બાબતે છૂટછાટનો અવકાશ તો રહે છે પણ ધાર્મિક બાબતે અતિ સંવેદ્ય વિષયો ઉપર છૂટછાટને બદલે વ્યક્તિ તરત જ મરવા-મારવા તૈયાર થઈ જાય છે. ઈશ્વર વ્યક્તિનો સર્વપ્રિય તત્વ છે. ગમે તે રીતે ઈશ્વરના નામે અલ્પ, અધૂરી અશાસ્ત્રીય, અર્થહીન, અતર્કય, અસંભવિત, અપ્રામાણિક વાતોનો ફેલાવો અટકાવવો અનિવાર્યપણે આવશ્યક છે અને સર્વશ્રેષ્ઠ કર્તવ્ય છે.

દરેક પંથો, સમ્પ્રદાયો, મજહબોને ધર્મના મહાસાગરમાં વિલય કરાવી તેમનું અસ્તિત્વ વૈચારિક રીતે સમાપ્ત થઈ ધર્મમય સ્વરૂપમાં ફેરી જવાનો સમય પાકી ગયો છે. સમાજને સમ્પ્રદાય = પંથરૂપમાં તોડવું અધર્મ છે અને વિવિધ વિરોધી લહેરોને સમેટી એકરૂપ બનાવવું ધર્મ છે. વૈયક્તિક સ્તરથી લઈ સમષ્ટિ સ્તર સુધી આવી વિચારધારાનું સંક્રમણ જ સાચી ક્રાન્તિ છે અને આ જ એક વિરાટ વિશ્વની પ્રસ્થાપના માટેનો **"મૂળમંત્ર"** છે.

# કિડનીના રોગને જડમૂળથી દૂર કરવા રોજ મુળા ખાવ

**⇨ અમ્લપિત્ત ઉપર સાકર સાથે મુળા ખાવા.**
**⇨ ખાંસી મટાડવા રોજ કુણા મુળા ખાવ.**
**⇨ વાતજન્ય ખાંસીમાં મુળાનું શાક બનાવીને ખાવ.**
**⇨ પાકા મુળા પચવામાં ભારે છે માટે પચવામાં હલકા એવા કુણા મુળા જ ખાવ.**
**⇨ કુણા મુળા ત્રિદોષને હરનાર છે.**

કુણા મુળા નરણા કોઠે ખાવ તો...

મસા મટશે, કીડની સુધરશે, ભુખ લાગશે, ચરબી ઘટશે, પથરી દૂર થશે, કબજીયાત તૂટશે, બળ આપશે, કંઠ સુધારશે, ગેસ વાયુને દૂર કરશે, હૃદય રોગ મટાડશે...

ફર્સ્ટ ક્લાસ કુણાં મુળા મળતાં થયાં છે. તેના લીલાંછમ પાંદળાની ભાજી સ્વાદમાં અને ગુણમાં ઉત્તમ છે. આ ગરીબ દેશમાં જન્મ્યા પછી ફળ ખાવાના ગયા, જે આજે યુરોપના માણસો આરોગે છે. પણ આપણા નસીબમાંથી તો કુણો કાકડી અને કુણા મુળા પણ ગયા. પહેલાં લોકો ચણીબોર પણ એટલા જ ખાતા હતા. આજે ચણી બોર પણ ખાવાવાળા ક્યાં છે? કારણ કે જ્યાં બીસ્કીટ પેઠા ત્યાં છોકરાંના મોંમાંથી ચણી બોર શેં આવે? લીલોતરી, શાકભાજી ખાવાથી પેટ સારું રહેશે, ઋચી ઉત્પન્ન થશે, ભૂખ લાગશે, પેશાબ સાફ આવશે.

**મુળાના ગુણ :** કાચા કોમળ મુળા રસમાં કટુ એટલે તીખા હોઈ હૃદ્ય, રૂચિકારક, દીપન, સર્વદોષને હરનાર છે. મુળા પચવામાં હલકાં છે. કંઠને સુધારે છે. પાકા મુળા પચવામાં ભારે છે, વિષ્ટંભી અને તીક્ષ્ણ છે. ઘરડા મૂળા ત્રણે દોષને કોપાવનાર છે. કુણા મુળાનું શાક બનાવીને ખાવાથી વાત-પિત્ત-કફને જીતે છે. સુકા મુળા ત્રિદોષહર છે, વિષહર છે. મુળા સિવાયના અન્ય સુસ્ત શાક વિષ્ટંભી (ભારે) અને વાતજ ગણાય છે. મુળાના પુષ્પ, પત્ર-ફળ કફ અને વાયુને હરનાર છે. કુણા મુળા ત્રિદોષને હરનાર છે. મુળામાં ક્ષાર છે, જે પથરી તોડવાનું કામ કરે છે.

**આયુર્વેદમાં મૂળાના ઉપયોગ :** સુકા હરસમાં સુકા મુળાની પેટીશ કરીને હરસ ઉપર શેક કરવો. સુકા મુળાનો જ્યુસ બનાવીને પીવો. ગ્રંથી, વિસર્પ (પ્લેગ)માં સુકા મુળાની લુગ્દી સહેજ ગરમ કરીને લેપ લગાડવાથી સોજો મટે છે અને રોગ શાંત થાય છે. હેડકી અને શ્વાસના રોગમાં મુળાનો જ્યુસ પીવાથી રોગ શાંત થાય છે. વાતજન્ય ખાંસીમાં મુળાનું શાક બનાવીને ખાવું જોઈએ.

અત્યારે શિયાળામાં ખાંસી ખાસ જોવા મળે છે. તેમાં રોજ નિત્ય કુણા મુળા ખાઈને ખાંસી મટાડો. શિયાળામાં લોકો બજારમાં શક્તિ વેચાતી મળે છે તે લોભે બજારૂ ચીજો ખરીદવા દોડે છે. તેના કરતાં રોજ કુણા તાજા મુળા નરણા કોઠે ખાવ તો કુદરતી શક્તિ મળશે. અત્યારે ભુટ્ટા કુણા મળે છે તેનો ઓળો બનાવીને ખાવાનું રાખો તો શક્તિ મળશે. લીલું લસણ રોજ તમે ખાવ તો સોના જેટલો ફાયદો થશે. આ વાત તમે સમજો અને ઘરે જ મહેનત કરી દ્રવ્ય ભેગા કરીને પાક બનાવો તેમાં જ શુદ્ધતા જળવાઈ છે. હેમંત, શીશીર અને વર્ષાઋતુમાં હંમેશા વાયુ વધે છે. તેથી આ ઋતુમાં મુળાનું શાક તલના તેલમાં વઘારીને લેવાનું રાખો. તલનું તેલ વાયુનું શમન કરે છે.

મુળાની પાતરભાજી રોજ ખાવ. પાંદડામાં ચણાનો લોટ અને છાસ નાંખીને પકવેલા મુળા સ્વાદિષ્ટ લાગે છે. મુળાની ભાજીનું રાયતું ખરેખર સુપાચ્ય બનાવી શકાય છે. સાધારણ રીતે મુળા નાસા રોગ, કંઠ રોગનો નાશ કરે છે. બળ કારક છે, મૂત્રદોષ, મૂત્ર બસ્તિ, ગુલ્મ, ક્ષય, નેત્ર રોગ, ઉદરશૂળ, દાદર, આમ, ઉદાવર્ત, જુની શરદીને મટાડે છે.

સારા દેશી ખાતરમાં પકવેલ મુળા વાયુ નાશક છે. મુળાના ફળ કફ તથા પિત્તનો નાશ કરે છે. ગાજર જેવા લાલ રંગના મુળા પણ આવે છે. તેને મરાઠીમાં શેડી મુળા કહેવાય છે. તે તીખા છે. ઉષ્ણ અને કફ, વાયુ, પિત્ત તથા ગુલ્મના રોગનો નાશ કરે છે.

મુળા ઉપર મીઠું નાખી ખાવાથી અજીર્ણ દૂર થાય છે. (૧) અમ્લપિત્ત ઉપર સાકર સાથે મુળા ખાવા, (૨) કરોળિયા ઉપર મુળાના બીયા, અઘેડાનાં પાંદડાનાં રસમાં વાટી લેપ કરવો, (3) ગંડમાલ, ગલગંડ ઉપર મુળાના બીયા, ચણાના બીયા, સરઘવનાં બીજને છાસ સાથે લસોટી લગાડાય છે.

મુળાનો યુશ : સુપનો પ્રચાર પરદેશમાં ખૂબ જ છે. આપણે ત્યાં ઓસામણ પીવાય છે તે સુપ જ છે. મુળાને બારીક સમારી ૧૬ ગણાં પાણીમાં ઉકાળવું. અડધું પાણી બળી રહે ત્યારે તેને ગાળીને માફકસર રૂચિકરે તેવું સિંધવ, જીરુ, હીંગ, કોથમીર, મરચું વગેરે મસાલો નાંખીને સુપ અથવા યુષ તૈયાર કરાવવો. આ યુષ ભુખ ઉઘાડશે. વાયુ-ગેસની તકલીફ દૂર કરશે અને પેટ હળવું થશે. પેશાબ પણ સાફ આવશે.

કોઈપણ જાતની શાકભાજી સુકવણી કરવાની આયુર્વેદે સનાઈ કરેલી છે. સુકા મુળાની સુકવણી કરીને ઉપયોગમાં લેવાની મનાઈ કરેલ નથી. મુળાની ભાજીનું શાક મૃદુચેચક છે. મુળાનાં કંદને કાચા ખાવામાં વાંધો નથી. કિડનીના રોગને જડમૂળથી દૂર કરવા રોજ મુળા ખાવ.




ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com


# સંસ્કૃતનું મહત્વ અને લાભ

૧) સંસ્કૃત ભાષા એક સ્વાભાવિક, સરળ, મનોહર, સુબોધ, લાલિત્ય, બુદ્ધિમત્તાપૂર્ણ તેમજ વૈજ્ઞાનિક ભાષા છે.

૨) આ કોઈ પણ વ્યક્તિ વિશેષ, દેશ વિશેષ, સમય વિશેષ, સંપ્રદાય વિશેષ, સમુદાય વિશેષની અમાનત નથી. તે સૂર્ય, ચંદ્ર, જળ, વાયુની જેમ મનુષ્ય માટે લાભદાયક છે.

૩) આ સંસ્કૃત ભાષા વિશ્વની બધી ભાષાઓની જનની છે.

૪) સંસ્કૃત ભાષા એક સમૃદ્ધ, સુનિશ્ચિત, નિયમિત, સર્વાધિક શબ્દ સમુદાયથી યુક્ત તેમજ શબ્દ અર્થ સંબંધનો બોધ કરાવવામાં અદ્વિતિયરુપે સક્ષમ છે.

૫) આ સંસ્કૃત ભાષા માનવમાત્રના સંપૂર્ણ ભાવોને અભિવ્યક્ત કરવામાં સર્વથા સમર્થ છે.

૬) આ આધુનિક ટેકનોલોજી ( પ્રાવૈધિક વિજ્ઞાન) ને અનુકુળ હોવાથી વિશ્વના વૈજ્ઞાનિકો દ્વારા કોમ્પ્યુટર માટે પસંદ કરવા યોગ્ય બધી ભાષાઓમાં સર્વાધિક અનુકુળ સિદ્ધ છે.

૭) આ ત્રણે ય કાળમાં આદિ સૃષ્ટિથી લઈ વર્તમાન તથા ભવિષ્યમાં એક જ સ્વરુપમાં રહેનારી અપરિવર્તનશીલ, અજર, અમર અર્થાત વિકારથી રહિત શુદ્ધ અને નિત્ય અર્થાત ચીરસ્થાયી ભાષા છે.

૮) વેદ, ઉપવેદ, બ્રાહ્મણ, છ વેદાંગ, છ દર્શન, સ્મૃતિ ગ્રન્થ, મહાભારત, રામાયણ, ગીતા ઈત્યાદી સમસ્ત સાહત્યનો આધાર માત્ર સંસ્કૃત જ છે.

૯) મોટામાં મોટા જેમ કે સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર આદિ તથા નાનામાં નાના જેમ કે અણુ, પરમાણું, સત્વ-રજ-તમ અર્થાત પ્રકૃતિ પર્યંત બધા પદાર્થોનું યથાર્થ જ્ઞાન સંસ્કૃત ભાષાથી જ સંભવ છે.

૧૦) ઉચિત-અનુચિત, ન્યાય-અન્યાય, કર્તવ્ય-અકર્તવ્ય, હાનિ-લાભ, હિત-અહિત, ધર્મ-અધર્મ, પાપ-પૂણ્ય, સદાચાર-અનાચાર, સુખ-દુઃખ, ગ્રાહ્ય-ત્યાજ્ય આદિનું પૂર્ણ જ્ઞાન સંસ્કૃત ભાષા વિના શક્ય નથી.

૧૧) માનવ નિર્માણની યથાર્થ શૈલી ૧૬ સંસ્કારો દ્વારા સંભવ છે. આ સંસ્કારોથી મનુષ્ય સુસંસ્કૃત થઈ દેવત્વ પ્રાપ્ત કરે છે. આ ૧૬ સંસ્કારોનું પરિજ્ઞાન શુદ્ધ અને નિર્દોષરુપે સંસ્કૃત ભાષાના માધ્યમથી જ થાય છે.

૧૨) લૌકિક તથા આધ્યાત્મિક ઉન્નતિની પરાકાષ્ઠા સંસ્કૃત ભાષા વિના સંભવ નથી.

૧૩) જીવાત્માને પોતાના અસ્તિત્વ સત્ય સ્વરુપે તેમજ સ્વ-શક્તિઓનું પરિજ્ઞાન સંસ્કૃત ભાષાના માધ્યમથી અતિશઘ્ર અને સુગમતાપૂર્વક થઈ શકે છે. જેને સારી રીતે સમજ્યા પછી જ ઈશ્વરથી સંલગ્ન થઈ નિત્યાનંદને પ્રાપ્ત કરી શકે છે.

૧૪) માનવ જીવનની સફળતાનો આધાર ઈશ્વર મુખ્યરુપથી છે. ઈશ્વરનું યથાર્થ સ્વરુપ, તેની મહત્તા, તેની ઉપયોગીતા, તેની સાથે આપણો સંબંધ તથા તેના ગુણ-કર્મ-સ્વભાવને અનુરુપ વ્યવહાર કરવાથી થતા લાભ અને વિપરિત આચરણ કરવાથી થતું નુકશાન વગેરે બાબતોનું જ્ઞાન સંસ્કૃત ભાષાના પરિજ્ઞાન વિના અત્યંત કઠિન છે. બીજા શબ્દોમાં કહીએ તો અસંભવ સમાન જ છે.

૧૫) ઈશ્વર પ્રાપ્ય અર્થાત સાધ્ય છે, જીવ પ્રાપ્ત કર્તા અર્થાત સાધક છે તેમજ સમસ્ત કાર્ય જગત સાધન છે. આ સંસ્કૃત ભાષાથી જ અતિશીઘ્ર અને સુગમતાપૂર્વક જાણી શકાય છે.

૧૬) ઈશ્વર પ્રાપ્તિનો એક માત્ર ઉપાય છે અષ્ટાંગ યોગ અને અષ્ટાંગ યોગની સંપૂર્ણ વિધિ-વિધાન સંસ્કૃત ભાષાના ગ્રન્થોમાં જ સંનિહિત છે.

૧૭) "વસુધેવ કુટુમ્બકમ" અર્થાત વિશ્વ બન્ધુત્વ, પ્રાણઘાતિ શત્રુઓ પ્રત્યે પણ હિતની કામના તેમજ પ્રાણીમાત્રને પોતાના આત્મા સમાન સમજવું વગેરેનું જ્ઞાન સંસ્કૃત ભાષાના અધ્યતા (જાણકાર)ને જ પ્રાપ્ત થઈ શકે છે.

૧૮) આદિ સૃષ્ટિથી વર્તમાન પર્યંત તર્ક અને પ્રમાણોના આધાર પર સંશોધન કરવાવાળા વિવેકી તત્વદર્શીઓ, ઋષિઓ, મુનિઓ, મેઘાવીઓનાં ચિન્તન, મનન અને નિદિધ્યાસનને સર્વાધિક ઉત્કૃષ્ટ અને પરિપૂષ્ટ આધાર પ્રદાન કરવાવાળી આ જ મૂળ સંસ્કૃત ભાષા છે.

૧૯) અંતમાં જો એમ કહેવામાં આવે કે મનુષ્ય જીવનનું સર્વસ્વ અર્થાત સુખ, શાંતિ, નિર્ભયતા, સ્વતંત્રતા આદિની પ્રાપ્તિ સંસ્કૃત ભાષામાં જ સંનિહિત છે તો કોઈ અતિયશોક્તિ નહીં ગણાય.

**-બ્રહ્મચારી વિષ્વડ્**


ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

અગ્નિપથ

વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-
આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-

⇨ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
⇨ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
⇨ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
⇨ બાળકો માટે ઉપદેશ કથા.
⇨ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
⇨ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
⇨ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
⇨ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.



: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

# જીવ જ્યારે કોઈ ઉત્તમકાર્યની સિદ્ધિમાટે પૂર્ણ પુરુષાર્થ કરીને, ઈશ્વરને સહાયતા માટે પ્રાર્થના કરે છે ત્યારે ઈશ્વર પણ તેનો સહાયક બને છે




### ગાય

મનુષ્ય માટે જન્મતાંની સાથે જ માતાનાં સ્તનમાં દૂધની વ્યવસ્થા કરીને કરુણામય પ્રભુએ આપણા પર બહુ જ મોટો ઉપકાર કર્યો છે. પરંતુ માતાનાં સ્તનમાંથી દૂધ ગ્રહણ કરવાની અવસ્થા અને અધિકાર છૂટી જાય પછી જિંદગીભર દૂધની વ્યવસ્થા દુધાળાં પશુઓના માધ્યમથી જ થાય છે. આવી સુંદર રચના પણ પાલનકર્તા પ્રભુએ જ કરી છે. બકરી, ઘેટું, ઊંટડી, ભેંસ અને ગાય જેવાં પશુઓ પોતપોતાની ક્ષમતા પ્રમાણે આપણને દૂધ આપે છે. મનુષ્યને દૂધની જરૂરિયાત કોઈ ને કોઈ સ્વરૂપે રહેતી જ હોય છે. માટે આવાં પશુઓમાં માતૃત્વની ભાવના નિર્માણ થાય છે. ગાય આવાં પશુઓમાં સૌથી શ્રેષ્ઠ પશુ છે. તેનું દૂધ તો ગુણકારી, બુદ્ધિવર્ધક અને બલવર્ધક છે જ, પણ એ ઉપરાંત તેનાં છાણ અને મૂત્ર પણ ઔષધવત્ છે. આવા ગુણોને લીધે જ આર્યસમાજ ગાય વગેરે પશુઓનાં સંવર્ધન પર ખૂબ જ ભાર મૂકે છે. આર્યસમાજનો નિત્ય દેવયજ્ઞ અર્થાત્ હવન પણ હંમેશાં ઘીની અપેક્ષા રાખે છે. આવાં ઉપકારક પશુઓની કતલને આર્યસમાજ કૃતઘ્નતા જેવો જઘન્ય અપરાધ માને છે. જેવી રીતે વૃદ્ધ અને અસમર્થ થઈ ગયેલાં માતા-પિતાની સેવા કરવી એ સંતાનોનો ધર્મ છે, તેવી જ રીતે ઘરડાં અને દૂધ ન દેતાં હોય એવાં પશુઓનું રક્ષણ કરવું એ પણ આપણું કર્તવ્ય બને છે.

આર્યસમાજને એ વાતનો ગર્વ છે કે તેના સંસ્થાપક મહર્ષિ દયાનંદે આર્યસમાજની સ્થાપનાની સાથે સાથે જ એટલે કે લગભગ એકસો વર્ષ પૂર્વ બ્રિટિશ સામ્રાજ્યમાં ગોવધ પર પ્રતિબંધ મૂકવાની હાકલ કરી હતી. તેમણે સમગ્ર ભારતના લાખો મનુષ્યોની સહીઓ ભેગી કરીને બ્રિટનની મહારાણી વિક્ટોરિયા પાસે ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવા માટેનું એક આવેદનપત્રક મોકલવાનું અભિયાન ચલાવ્યું હતું. પરંતુ સ્વામીજીના આકસ્મિક મૃત્યુને કારણે એ પ્રયાસ સફળ ન રહ્યો. સ્વામીજીએ ભારતના વાઈસરોય સાથે આ મુદ્દા પર વાતચીત કરી હતી. ગાય આદિ પશુઓનાં રક્ષણ અને સંવર્ધન માટે તેમણે 'ગૌકરુણાનિધિ' નામનું એક અદ્ભુત પુસ્તક પણ લખ્યું હતું. ગાય જેવાં પશુઓની રક્ષા અને ઉપયોગિતાને આર્થિક દૃષ્ટિએ લાભદાયી સિદ્ધ કરવાનો તેમનો દૃષ્ટિકોણ આજના અર્થશાસ્ત્રીઓ માટે પણ શોધનો વિષય છે. સ્વામીજીએ ગૌકરુણાનિધિમાં પશુઓના રક્ષણ માટે એવી માર્મિક અપીલ કરી છે કે જે ભલભલી નિષ્ઠુર વ્યક્તિને પણ એકવાર વિચારતી કરી મૂકે છે. જો ઋષિનું એ સ્વપ્ન સાકાર થઈ શક્યું હોત તો આજે કેવી સુખદ સ્થિતિ હોત !

આજે પણ આપણા દેશમાં ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવા માટે જે પ્રયત્નો થઈ રહ્યા છે તેમાં આર્યસમાજ હંમેશાં મોખરે રહ્યો છે. અત્યાર સુધી કરવામાં આવેલા પ્રયત્નોની નિષ્ફળતા પાછળ એક જવાબદાર કારણ એ પણ છે કે આપણા કહેવાતા ગૌભક્તો ગાય સિવાયનાં બીજાં પશુઓનું માંસ આરોગવાનું ચાલુ જ રાખતાં હોવાથી તેમની માગણી કોઈ પ્રભાવ ઉત્પન્ન કરી શકતી નથી. આજની રાજનીતિ પણ આર્યસમાજના ગૌહત્યા-પ્રતિબંધ માટેના અભિયાનમાં અડચણરૂપ બની ગઈ છે. સત્તા અને મતોના લોભે આર્યસમાજની શક્તિને ક્ષીણ કરી નાખી છે.

### જીવ

જેમ ઈશ્વર અનાદિ, અજન્મા અને અમર છે તેમ જીવ એટલે કે આત્મા પણ અનાદિ અજન્મા અને અમર છે. ઈશ્વર સમગ્ર સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપક હોવાથી 'પુરુષ' કહેવાય છે, જ્યારે જીવાત્મા પ્રાણી-શરીરમાં વાસ કરતો હોવાથી 'પુરુષ' કહેવાય છે. પરમાત્મા વિભુ અને સર્વજ્ઞ છે, જ્યારે આત્મા પરિચ્છિન્ન (મર્યાદિત) અને અલ્પજ્ઞ છે. પરમાત્મા અને આત્મા વચ્ચે પિતા-પુત્ર, સ્વામી-સેવક, વ્યાપક-વ્યાપ્ય વગેરેનો સંબંધ છે. આત્મા અનાદિ કાળથી પોતાનાં કર્મો દ્વારા પતન અને ઉત્થાનના માર્ગ પર ચાલતો આવ્યો છે. તેની અંતિમ મંજિલ મોક્ષપ્રાપ્તિ છે.

## આર્યસમાજની માન્યતાઓ

લેખક : ગજાનંદ આર્ય (૧૬) અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

જીવોને કર્માનુસાર ફળ આપનાર ઈશ્વર હંમેશાં જીવની સાથે રહે છે, પરંતુ જીવને એની અનુભૂતિ શુદ્ધ અંતઃકરણપૂર્વક અત્યંત પુરુષાર્થ કરવાથી જ થઈ શકે છે. સામાન્ય અવસ્થામાં તો આપણે આપણા શરીરમાં બેઠેલ આત્માને પણ ઓળખી શકતા નથી.

પરમપિતા પરમાત્માએ જીવોનાં સુખ, કલ્યાણ અને જ્ઞાન-વિજ્ઞાન માટેનાં તમામ જરૂરી સાધનો આપ્યાં છે. સાધનસંપન્ન જીવ આ ઈશ્વરપ્રદત્ત સાધનોનો કેટલા અંશે ઉપયોગ કરી ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરે છે, એ તેના પુરુષાર્થ પર અવલંબે છે. પોતાનાં કર્મોને આધારે જીવ પશુ-પક્ષી આદિ વિવિધ નિમ્ન યોનિઓમાં જઈ, પાપકર્મોનાં ફળ (અર્થાત્ ભોગ) ભોગવી, પુનઃ મનુષ્ય યોનિના કર્મક્ષેત્રમાં આવે છે. એકમાંથી બીજી યોનિમાં જવાનું આ ચક્ર ચાલતું જ રહે છે. કર્મોનું ફળ આપનાર ન્યાયકારી ઈશ્વર એક પરીક્ષકની જેમ પરીક્ષાર્થીઓની સાચી અને ખોટી ચેષ્ટાઓને જોતો રહે છે, અને એક આચાર્યની જેમ પોતાના જીવરૂપી શિષ્યોને વેદજ્ઞાનના રૂપમાં કર્તવ્ય-અકર્તવ્ય અને સત્ય-અસત્યનો વિવેક પણ આપે છે. પરંતુ જે રીતે ઉત્તરવહી લખવામાં શિષ્ય કે વિદ્યાર્થી સ્વતંત્ર છે, તે રીતે જીવાત્માઓ પણ કર્મ કરવામાં સ્વતંત્ર હોવાથી શુભ-અશુભ કર્મોનાં સુખ-દુઃખરૂપી ફળ ભોગવે છે.

આર્યસમાજની માન્યતા છે કે જીવ જ્યારે કોઈ ઉત્તમ કાર્યની સિદ્ધિ માટે પૂર્ણ પુરુષાર્થ કરીને, ઈશ્વરને સહાયતા માટે પ્રાર્થના કરે છે ત્યારે ઈશ્વર પણ તેનો સહાયક બને છે.

ઈશ્વર અને જીવ બંને એક જ નથી, પરંતુ બંને અલગ અલગ સત્તાઓ છે. જૈન લોકો માને છે તેમ જીવ કદી પણ ઈશ્વર બની શકતો નથી, અને ન તો નવીન વેદાંતીઓ માને છે તેમ ઈશ્વરનો અંશ જ જીવ બનીને માયાવી ખેલ ખેલે છે. ખ્રિસ્તીઓ અને મુસલમાનો એમ માને છે કે ખુદાએ કહ્યું કે 'હો જા' અને બસ આ બધું જ શૂન્યમાંથી બની ગયું. આ વાત પણ આર્યસમાજને માન્ય નથી. આર્યસમાજનું માનવું છે કે આત્મા (જીવ=જીવાત્મા) પણ ઈશ્વરની જેમ જ અનાદિ અને સ્વતંત્ર સત્તા છે. જીવાત્માઓ અનેક છે, જ્યારે ઈશ્વર કેવળ એક જ છે. ઈશ્વર સર્વજ્ઞ છે, જ્યારે જીવાત્માઓ અલ્પજ્ઞ છે. ઈશ્વર સર્વશક્તિમાન છે, જ્યારે જીવાત્માઓ અલ્પશક્તિમાન છે. ઈશ્વર કર્મફળનો દાતા છે, જ્યારે જીવાત્માઓ કર્મફળના ભોક્તાઓ છે.

> **➤ વૃદ્ધ અને અસર્થ થઈ ગયેલાં માતા-પિતાની સેવા કરવી એ સંતાનોનો ધર્મ છે, તેવી જ રીતે ઘરડાં અને દૂધ ન દેતા હોય એવા પશુઓનું રક્ષણ કરવું એ આપણું કર્તવ્ય બને છે.**

### પૂર્વજન્મ અને પુનર્જન્મ

ઈશ્વરે જીવોનાં કર્મફળ ભોગવવા માટે જે વ્યવસ્થા રાખી છે એ ખૂબ જ શૃંખલાબદ્ધ છે, જેમાં અશુભ કર્મોના દંડસ્વરૂપે અને શુભ કર્મો સંપન્ન કરવા માટે માનવજીવમાં વારંવાર આવવાની તક મળતી રહે છે. મનુષ્ય સિવાયની બીજી બધી જ યોનિઓ ભોગ યોનિઓ છે, જ્યારે મનુષ્ય યોનિમાં કર્મ અને ભોગ બંને સંમિલિત છે. શુભ કર્મો દ્વારા જીવન શ્રેષ્ઠ બને છે અને ઉત્તમ સુખોની પ્રાપ્તિ થાય છે. શ્રેષ્ઠતા અને ઉત્તમ સુખોની ચરમસીમાં મોક્ષપ્રાપ્તિ છે, જેમાં જીવ પરમાત્માના સાંનિધ્યનું અવર્ણનીય સુખ પ્રાપ્ત કરે છે.

આર્યસમાજને પુનર્જન્મની વ્યવસ્થા પર અતૂટ વિશ્વાસ છે. આ વિશ્વાસનો આધાર નીચેની કેટલીક યુક્તિઓ અને કારણો છે -

- સંસારમાં રહેલાં પ્રાણીઓ અને તેમનાં અનેક પ્રકારનાં સુખ-દુઃખ જોતાં ફલિત થાય છે કે, આવી વિવિધતાની પાછળ જરૂર કોઈ કારણ હોવું જોઈએ. આર્યસમાજની દૃષ્ટિએ આનું કારણ પૂર્વજન્મનાં કર્મો છે.
- જન્મ ફક્ત એક જ છે એવું જે લોકો માને છે તેમની પાસે એ પ્રશ્નનો કોઈ જવાબ નથી કે જો મનુષ્યના મૃત્યુ પછી કશું હોતું જ નથી, તો આ વર્તમાન જીવનમાં દુષ્ટ કર્મ અને શુભ કર્મ કરવાનું તાત્પર્ય શું છે ?
- આપણને આપણા વર્તમાન જીવનની બધી વાતો યાદ નથી રહેતી-ખાસ કરીને બચપણની. માટે પૂર્વજન્મની કંઈ જ સ્મૃતિ ન રહેતી હોય તો એમાં આશ્ચર્ય જેવું કશું નથી.
- પાછલા જન્મોની વાતો મનુષ્યને યાદ રહેતી નથી એ ખૂબ જ સારી વ્યવસ્થા છે. જો ગત જન્મોની સામાજિક સંબંધ, વિરોધ, પ્રેમ અને આકર્ષણ વગેરેની વાતો યાદ રહેતી હોત તો આપણું આ જીવન પણ મુશ્કેલ થઈ જાત.

### પ્રારબ્ધ

મનુષ્યનાં જન્મ, જાતિ અને ભોગની પ્રાપ્તિનું કારણ આપણું જન્માંતરણ છે. "સતિ મૂલે તદ્વિપાકો જાત્યાયુર્ભોગા :" (યોગદર્શન, ૨.૧૩) આપણે જે વાતાવરણમાં જન્મ લીધો છે, એ વાતાવરણમાં આવવાનું કારણ આપણા પૂર્વજન્મોનું ફળ છે. આ જન્મમાં પણ આપણા પુરુષાર્થ ઉપરાંત જે કંઈ સહયોગ અથવા વિઘ્ન પ્રાપ્ત થાય છે, એ પણ આપણા કોઈ ને કોઈ પૂર્વકૃત કર્મોનું ફળ હોઈ શકે છે. આવાં પૂર્વકૃત કર્મોનાં ફળને 'પ્રારબ્ધ' કહેવામાં આવે છે. તેને આપણે સંચિત કર્મ પણ કહીએ છીએ. આવાં સંચિત કર્મોનો ભંડાર પુરુષાર્થ કરતાં રહેવાથી બને છે, માટે પ્રારબ્ધ કરતાં પુરુષાર્થ શ્રેષ્ઠ છે. પુરુષાર્થથી જ ક્રિયમાણ અને સંચિત કર્મો બને છે.

આર્યસમાજ પુરુષાર્થ પર વધારે ભાર મૂકે છે, કારણ કે પ્રારબ્ધ તો પોતાનું કામ સ્વયં કરે જ છે, આપણે તેને બદલી શકતા નથી. જ્યારે પુરુષાર્થ તો આપણા હાથમાં છે. પુરુષાર્થના બળ પર પ્રારબ્ધને કારણે પ્રાપ્ત થતાં ફળને હસતાં હસતાં સહન કરવાનું સામર્થ્ય આવી જ પ્રેરણાથી પ્રાપ્ત થાય છે. **(ક્રમશઃ)**

# स नो बन्धुर्जनिता स विधाता धामानि वेद भुवनानि विश्वा। यत्र देवा अमृतमानशानास्तृतीये धामन्नध्यैरयन्त ।।

**(य.अ. ३२ / मं. १०)**

## ઋષિ દયાનંદ વેદ-પદાર્થ, ભાવાર્થ, વ્યાખ્યાન પ્રદિપ

(૧૬) સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ :-**

हे मनुष्यों ! वह पूर्णानन्दस्वरूप परमात्मा अपने लोगों का (**बन्धुः**) भ्राता के समान सुखदायक, दुःख का नाश करने वाला, मान्य व सहायक है (जनिता) सकल जगत् का तथा हम लोगों का भी पालन करने वाला पिता है (**सः**) वह (**विधाता**) सब कामों का पूर्ण करने हारा, सब पदार्थों और कर्मफलों का विधान[क] करने वाला है (**विश्वा**) सम्पूर्ण (**भुवनानि**) लोकमात्र और(**धामानि**) नाम, स्थान, जन्मों को (**वेद**) अनन्त सर्वज्ञता से यथार्थ जानता है और (**यत्र**) जिस (**तृतीये**) सांसारिक सुख दुःख से रहित, जीव और प्रकृति से विलक्षण व नित्यानन्द युक्त (**धामन्**) मोक्षस्वरूप धारण करने हारे या आधार रूप पूर्णानन्दस्वरूप सर्वव्यापी परमात्मा में (**अमृतम्**) मरणादि दुःखरहित मोक्षपद को (**आनशानाः**) प्राप्त होते हुए या होके (**देवाः**) धर्मात्मा विद्वान् लोग सब बाधाओं से छूट के सर्वदा विज्ञानवान् शुद्ध होके परमानन्द सर्वोत्तम सुख में रहते हैं और (**अध्यैरयन्त**) सर्वत्र सदा अपनी इच्छापूर्वक विचरते हैं, वही सर्वदोषरहित अनन्तानन्दस्वरूप परमात्मा अपना गुरु, आचार्य, राजा व न्यायाधीश है, अपने लोग मिल के सदा उसकी भक्ति किया करें।

(स.वि. + आर्याभिविनय + ऋ. दया. कृत यजुर्वेदभाष्य)

**भावार्थ :-**

हे मनुष्यों ! जिस शुद्धस्वरूप पूर्णानन्दस्वरूप परमात्मा में योगिराज विद्वान् लोग मुक्तिसुख को प्राप्त हो आनन्द करते हैं उसी को सर्वज्ञ, सर्वोत्पादक और सर्वदा सहायकारी मानना चाहिए, अन्य को नहीं।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.३२/मं.१०)

**टिप्पणी :-**

(क) ईश्वर में जीवों की सब इच्छाओं को पूर्णकरने का सामर्थ्य है। जो जीव ईश्वर की आज्ञाओं का पालन करते हुए व उसी में प्रेम रखते हुए पूर्ण पुरुषार्थ करते हैं, ईश्वर उनकी सब कामनाओं को पूर्ण कर देता है। परन्तु शर्त यह है कि जीवों की इच्छाएँ सम्भव व सत्य होनी चाहिए अर्थात् सर्वहितकारी हों।

(ख) ईश्वर सब पदार्थों और कर्मफलों का विधान करता है अर्थात् सृष्टि के सब पदार्थों सूर्य, चन्द्रादि को बनाता है तथा जीवों के शुभाशुभ कर्मों का हिसाब रखते हुए उनका यथावत् न्याय से फल प्रदान करता है।

(ग) प्रस्तुत मन्त्र में ईश्वर मनुष्यों को उपदेश देता है कि हे मनुष्यों ! मैं परमात्मा तुम्हारा सहायक हूँ, तुम्हारे दुःखों का नाश करने वाला हूँ, सृष्टि का निर्माता हूँ, सब लोकलोकान्तरों को जानने वाला हूँ तथा मुझमें मुक्त जीव मेरे आनन्द का भोग करते हुए स्वेच्छापूर्वक विचरण करते हैं इसलिये सर्वदा मेरी ही उपासना किया करो, किसी अन्य की नहीं। **(ક્રમશઃ)**

# યજ્ઞ વિષયક શંકાઓ અને તેનું શાસ્ત્રોક્ત અને તાર્કિક સમાધાન

પ્રશ્ન - શું યજ્ઞ ન કરનાર વ્યક્તિ દોષી છે ?

ઉત્તર - હા, કારણ કે મળમૂત્રનો ત્યાગ કરવો, શ્વાસોચ્છ્વાસની ક્રિયા, વિભિન્ન વસ્તુઓની ગળવા-સડવાની ક્રિયા, ધૂમ્રપાન, વાહનો, વિભિન્ન કારખાનાઓમાંથી નિરંતર નીકળનારા ધુમાડા તથા દુર્ગંધને માટે મનુષ્ય જ જવાબદાર છે. તેનું નિવારણ કરવું તેનું જ કર્તવ્ય છે. તેનો એકમાત્ર મુખ્ય ઉપાય યજ્ઞ=અગ્નિહોત્ર છે.

પ્રશ્ન - જળ, વાયુ, ખાદ્યાન્નોની શુદ્ધિ તથા સુરક્ષાને માટે અન્ય અનેક વૈજ્ઞાનિક ઉપાય છે તો પછી આપ યજ્ઞને જ આટલું મહત્ત્વ શા માટે આપો છો ?

ઉત્તર - જળ, વાયુ વગેરેની શુદ્ધિ માટે તથા સુરક્ષા માટે આજકાલ કૃમિનાશક (Disinfectants) કૃમિહર (Antiseptic) તથા સંરક્ષક (Preservatives) પદાર્થોનો પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ આ પદાર્થો સર્વત્ર, સર્વ પ્રકારના કૃમિઓનો નાશ કરવામાં, દૂર કરવામાં સમર્થ થતાં નથી. સાથે જ જળ, ભૂમિ, ખાદ્યાન્નના ઉપયોગી ભાગને પણ નષ્ટ કરી નાખે છે અને તેઓનો કુપ્રભાવ (Side effect) પણ પડે છે. એક સમસ્યા દૂર થાય છે, તો બીજી નવી સમસ્યા, રોગ, ઉત્પન્ન થઈ જાય છે.

પ્રશ્ન - કેટલાંક લોકો કહે છે કે યજ્ઞથી કાર્બન ડાયોક્સાઈડ ગેસ ઉત્પન્ન થાય છે, જે મનુષ્યો માટે હાનિકારક હોય છે,

ઉત્તર - પ્રામાણિક રૂપે બનેલા યજ્ઞકુંડમાં, નિર્ધારિત વૃક્ષોના લાકડાં બાળવામાં આવે તથા ઉચિત માત્રામાં ગાયનું ઘી તથા સામગ્રી નાખવામાં આવે તો ખૂબ જ ઓછો કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન્ન થાય છે. તેપણ યજ્ઞશાળાની આજુબાજુમાં વિદ્યામાન વૃક્ષો, વેલો, છોડવાઓ દ્વારા ગ્રહણ થઈ જાય છે. પરંતુ કાર્બન ડાયોક્સાઈડની તુલનામાં અન્ય પ્રકારના લાભદાયક વાયુઓ ખૂબજ અધિક માત્રામાં ઉત્પન્ન થાય છે. જે વાયુના પ્રદુષણને નષ્ટ કરીને વાતાવરણને સુગંધિત તથા સ્વાસ્થ્યકારી બનાવી દે છે.

એક વાત ધ્યાન આપવા જેવી છે કે યજ્ઞથી નીકળનારો થોડોક કાર્બન ડાયોક્સાઈડ એટલો હાનિકારક તથા ઝેરીલો હોતો નથી, જેટલો આજે કારખાનાં, મિલો, ફેક્ટરીઓ તથા વાહનો, રેલગાડીઓમાંથી નીકળતા વાયુઓ હોય છે. જ્યારે કારખાનાઓમાંથી નીકળનાર ભયંકર હાનિકારક ઝેરીલા વાયુઓને થોડાંક લાભ માટે સહન કરી રહ્યા છીએ તો ખૂબ જ વધારે લાભ આપનાર યજ્ઞમાં થોડોક કાર્બન ડાયોક્સાઈડ ઉત્પન્ન થઈ ગયો, તો શા માટે બૂમાબૂમ કરી મૂકો છો ? અને આવી સ્થિતિમાં જ્યારે કે કાર્બન ડાયોક્સાઈડ વૃક્ષ વનસ્પતિ દ્વારા હજમ થઈ જાય છે, પરંતુ કારખાનાના ભયંકર ઝેરીલા વાયુઓ કોઈ પણ યજ્ઞનો વિરોધ કરવો અત્યંત પક્ષપાતપૂર્ણ તથા અનુચિત છે.

પ્રશ્ન - ગામડાં તથા શહેરોમાં ફેલાયેલ ભયંકર પ્રદુષણને થોડા જ ઘી અને સમાગ્રી દ્વારા કરવામાં આવેલ આ યજ્ઞ કેવી રીતે દૂર કરી શકે છે ?

ઉત્તર - વાહનો, મિલો, કારખાનાઓ દ્વારા ઉત્પન્ન થયેલ હજારગણાં પ્રદુષિત વાયુને, યજ્ઞ દ્વારા ઉત્પન્ન શકિતશાળી ધુમાડાની એક માત્રા જ શુદ્ધ કરવામાં સક્ષમ છે. બીજી વાત પોતાના દ્વારા ઉત્પન્ન થયેલ પ્રદુષણને દૂર કરવું પ્રત્યેક વ્યક્તિનું કર્તવ્ય છે. છ અબજની વસ્તીવાળી પૃથ્વી પર બધા તો નહીં, જો ૧૦-૨૦ કરોડ પરિવારમાં પણ પ્રતિદિન યજ્ઞ પ્રારંભ થઈ જાય તો આ પ્રદુષણને નિયંત્રિત કરી શકાય છે.

યજ્ઞ દ્વારા નીકળનાર, શક્તિશાળી વાયુઓ આજુબાજુમાં વિદ્યમાન વૃક્ષો, લતાઓ, વનસ્પતિઓને એટલા પ્રભાવિત કરે છે કે ભવિષ્યમાં પણ ઉત્પન્ન થનારા પ્રદુષણને શોષી લેવામાં સક્ષમ થઈ જાય છે.

આ એક વૈજ્ઞાનિક સત્ય છે કે સ્થૂળ પદાર્થ કરતાં તેના ચૂર્ણમાં, ચૂર્ણ કરતા તેના પ્રવાહીરૂપમાં અને પ્રવાહીરૂપ કરતાં તેના વાયુ અથવા ગેસ રૂપમાં અધિક શક્તિ હોય છે. એક તોલો હીંગને પીસીને ઘીની સાથે અગ્નિમાં ગરમ કરીને એક ક્વિંટલ દાળને સુગંધિત કરી શકાય છે. અગ્નિમાં નાંખેલ એક મરચું હજારો વ્યક્તિઓને પ્રભાવિત કરે છે. તેવી જ રીતે યજ્ઞકુંડની અગ્નિમાં સુગંધિત, રોગવિનાશક, પુષ્ટિકારક, મધુર પદાર્થોને વિધિવત્ ગાયના ઘી સાથે બાળવામાં આવે છે તો પ્રબળ શક્તિશાળી બનીને હજારગણાં વાયુના પ્રદુષણને નષ્ટ કરીને તેને સુગંધિત તથા સુખદાયી બનાવી દે છે.

ત્રીજી વાત, રાષ્ટ્રીય સ્તર પર વિશાળ યજ્ઞોના અનેક જગ્યાએ આયોજનો કરીને પણ આ સમસ્યાનું તત્કાળ સમાધાન થઈ શકે છે.

પ્રશ્ન - આજકાલ મોંઘવારીના જમાનામાં ઘી વગેરે મોંઘા તથા ઉત્તમ પદાર્થોને અગ્નિમાં નાખીને નષ્ટ કરી દેવા એ બુદ્ધિમાનોનું કામ નથી.

ઉત્તર - અગ્નિમાં નાખવાથી કોઈ પદાર્થ નષ્ટ થતો નથી, પરંતુ રૂપાંતરિત થઈ જાય છે, ઘન અથવા પ્રવાહી રૂપમાંથી વાયુરૂપમાં બદલાઈ જાય છે. ખાવામાં આવેલ ૫૦ ગ્રામ કે ૧૦૦ ગ્રામ ઘી એક જ મનુષ્યને માટે લાભકારી હોય છે, પરંતુ તે જ ઘી યજ્ઞીય પ્રક્રિયાથી સૂક્ષ્મ થઈને, શક્તિશાળી બનીને હજારો મનુષ્યો, પશુ-પક્ષીઓ તથા વૃક્ષાદિ સ્થાવરો માટે પણ લાભકારી બની જાય છે. સળગાવેલ અગરબત્તીની સુગંધ આખો દિવસ મકાનમાં જણાય છે.

આ મોંઘવારીના સમયમાં પણ આપણે મોંઘા ભોજન ખાઈએ છીએ, મોંઘા કપડાં પહેરીએ છીએ, મોંઘા ટી.વી., સ્કૂટર, કાર ખરીદીએ છીએ, બધાં કામ કરીએ છીએ, તો પછી યજ્ઞને જ મોંઘવારીને લીધે શા માટે બંધ કરીએ ? જ્યારે કે તેનાથી ખૂબજ લાભ થાય છે.

પ્રશ્ન - વાતાવરણને સુગંધિત કરવાનું જ યજ્ઞનું પ્રયોજન છે, તો આ કાર્ય અગરબત્તી, ધૂપ, અત્તર, સેન્ટ, ફૂલ વગેરે દ્વારા પણ કરી શકાય છે, યજ્ઞની શી આવશ્યકતા છે ?

ઉત્તર - યજ્ઞનું પ્રયોજન ફક્ત સુગંધ ફેલાવવાનું જ નથી, પંરતુ જળવાયુના પ્રદુષણને પણ નષ્ટ કરવાનું હોય છે. અગરબત્તી, ધૂપ વગેરે દ્રવ્યોને બાળવાથી કે ઘરમાં ફૂલો રાખવાથી ફક્ત સુગંધી જ ઉત્પન્ન થાય છે. તે પણ સીમિત માત્રામાં તથા સીમિત સ્થાનમાં, જ્યારે યજ્ઞાગ્નિમાં નાંખેલી અનેક પ્રકારની ઔષધિઓ તથા ઘીના બળવાથી ઉત્પન્ન ધુમાડો દૂરદૂરના જળવાયુના પ્રદુષણ અથવા દોષોને દૂર કરે છે, તથા તેને સુગંધિત પણ બનાવે છે. ધૂપ, અગરબત્તી કે ફૂલોમાં એવું સામર્થ્ય હોતું નથી કે તે ઘરમાં વિદ્યમાન ગંદી હવાને બહાર કાઢી નાખે તથા શુદ્ધ હવાને બહારથી પ્રવેશ કરાવી શકે. તેથી યજ્ઞનો વિકલ્પ આ ધૂપ વગેરે નથી.

# શુભ કાર્ય સ્વયં શુભ હોવાથી મુહૂર્ત જોવાની આવશ્યકતા જ નથી

અભિષ્ટ (ઈચ્છવા યોગ્ય) કાર્યની સફળતા કે સિદ્ધિને માટે એક ચોક્કસ સમય હોય છે. તેને મુહૂર્ત કહે છે. આ મુહૂર્તમાં કરેલ કાર્ય સફળ થાય છે. અન્ય સમયમાં કરેલ કાર્ય સફળ થતું નથી. તેવી રીતે ફલિત જ્યોતિષને માનનારા વ્યક્તિની માન્યતા છે. ફલિત જ્યોતિષનું સર્વથી અધિક અને વિશાળ ક્ષેત્ર મુહૂર્ત છે. જીવનમાં જન્મથી મૃત્યુ સુધી આ મુહૂર્તનો ઉપયોગ વણાઈ ગયો છે. શિક્ષિત કે અશિક્ષિત, ગામડીયો કે શહેરી, મુર્ખ કે વિદ્વાન, સ્ત્રી કે પુરૂષ, ગરીબ કે ધનવાન, ડોક્ટર કે દર્દી, વેપારી કે ગ્રાહક, ગૃહસ્થ કે સંન્યાસી, ગુરૂ કે શિષ્ય, વિદ્યાર્થી કે અધ્યાપક, પ્રધાન કે પ્રજા આ બધા જ પોતાના જીવનમાં મુહૂર્તનો ઉપયોગ કરે છે. એટલે કે મુહૂર્ત જોઈને પોતાનું શુભ કાર્ય કરે છે.

૬૦ સેકન્ડની એક મિનિટ. ૬૦ મિનિટનો એક કલાક. ૨૪ કલાકનો એક દિવસ. ૩૦ દિવસનો એક માસ અને ૧૨ માસનો એક વર્ષ થાય છે. આ બધા સમયના માપ છે અને તેનાથી આપણે બધા જ પરિચિત છીએ. આવી જ રીતે મનુસ્મૃતિ (૧/૬૪)માં સમયનું માપ આ મુજબ આપેલ છે.

૧૮ નિમેષો (આંખના પલકારાનો સમય)ની એક કાષ્ઠા થાય છે. આ ૩૦ કાષ્ઠાઓની એક કળા થાય છે. ૩૦ કળાઓનું એક મુહૂર્ત થાય છે અને ૩૦ મુહૂર્તોનો એક દિવસ-રાત થાય છે. અહીં એક મુહૂર્ત એટલે ૪૮ મિનિટનો સમય થાય છે. શુક્રનીતિના અધ્યાય-૧ના શ્લોક ૨૭૫ થી ૨૮૪માં રાજાની દિન અને રાત્રિચર્યાનું વર્ણન છે. આ વર્ણનમાં મુહૂર્ત શબ્દનો સમયના એક પરિમાણ=માપદંડ તરીકે ઉલ્લેખ છે. સમય જડ (નિર્જીવ), નિષ્ક્રિય અને નિત્ય છે. તે અનંત, અનાદિ, સર્વત્ર અને સર્વદા એક જ સમાન રહે છે. તે કાર્યની સફળતા કે નિષ્ફળતા માટે ઉત્તરદાયી નથી. નીતિકારોએ કહ્યું છે કે (શુભસ્ય શિઘ્રમ) એટલે કે શુભ કાર્ય તરત જ કરવું જોઈએ અને (આળસ્યાદ્ મૃતં વિષમ્) એટલે કે આળસ કરવાથી અમૃત પણ ઝેર બની જાય છે.

શુભ કાર્ય માટે મુહૂર્તની આવશ્યકતા જ નથી. કારણ કે શુભ કાર્ય સ્વયં શુભ છે. બાકી રહ્યું અશુભ કાર્ય, અશુભ કાર્ય કરવું જ ન જોઈએ. અશુભ કાર્ય સ્વયં અકર્તવ્ય છે. તો પછી તેને માટે મુહૂર્ત જોવાની જરૂર શું છે? જો મુહૂર્તને સાચું માનવામાં આવે તો શુભ મુહૂર્તમાં કરેલ અશુભ કાર્ય પણ સફળ થાય અને અશુભ મુહૂર્તમાં કરેલ શુભ કાર્ય નિષ્ફળ થાય. આ એક અનૈતિક વાત છે અને ચોરી, વ્યભિચાર, મદ્યપાન વગેરે અનૈતિક કાર્ય કરનારને આ મુહૂર્તની માન્યતા અનુમોદન આપશે.

યુદ્ધની શરૂઆત પોતાની અને વિરોધી દેશની આર્થિક, રાજકીય, સામાજિક, ધાર્મિક અને યુદ્ધની સુવિધા એટલે કે સાધન, સામગ્રીને ધ્યાનમાં રાખીને કરવી હિતાવહ છે, મુહૂર્ત જોઈને નહિં. આ મુહૂર્તની અંધશ્રદ્ધાથી આપણને થયેલ નુકસાનના કેટલાય દાખલા આપણા ઈતિહાસમાં મળી આવે છે. છતાં આપણી આંખ ઉઘડતી નથી.

ભારતના પ્રસિદ્ધ અણુવૈજ્ઞાનિક ડૉ. કલામને રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારીપત્ર ભરવા માટે ક્યો સમય શુભ રહેશે? એટલે ક્યા મુહૂર્તમાં ઉમેદવારીપત્ર ભરવું છે? તે અંગે પૂછતાં તેમણે જણાવ્યું હતું કે 'પૃથ્વિ પોતાની ધરી પર ફરે છે એટલે દિવસ રાત થાય છે અને પૃથ્વિ પોતાની ભ્રમણકક્ષામાં સૂર્યની આસપાસ ફરે છે ત્યારે વર્ષ થાય છે. આ બંને ખગોળશાસ્ત્રીય ઘટનાઓ છે અને મારે માટે દરેક સમય શુભ જ છે.' આજે શિક્ષિત સમાજ અને ઉચ્ચ મહાનુભાવોમાં મુહૂર્તની અંધશ્રદ્ધા વધતી જાય છે ત્યારે રાષ્ટ્રપતિના શબ્દો ખૂબ જ માર્ગદર્શક છે અને આપણી શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રપતિના આ શબ્દો ચિતરાવીને મૂકવા જોઈએ. જેથી ભાવિ પેઢીને જ્યોતિષની અંધશ્રદ્ધામાંથી મુક્ત થવાની પ્રેરણા મળે.

ધારો કે ચૂંટણીમાં ૧૦ ઉમેદવારો ઉભા છે. આ બધા જ ઉમેદવારો ઉત્તમ મુહૂર્ત જોઈને જ પોતાના ઉમેદવારીપત્રો ભરે છે. આ ૧૦માંથી એક જ ઉમેદવાર ચૂંટાય છે અને બાકીના ૯ હારી જાય છે. આમાં ૮ની તો ડિપોઝીટ પણ ડૂલ થાય છે. અહીં ૧૦માંથી એક જ એટલે કે ૧૦ ટકા જ મુહૂર્તની વાત સાચી પડી અને ૯૦ ટકા ખોટી પડી. આમ છતાં મોટાભાગના લોકો મુહૂર્તની અંધશ્રદ્ધા ઉપર ચિંતન કરી તેમાંથી મુક્ત થવા પ્રયત્ન કરતા નથી.

ઘણી વખત ખરીદ અને વેચાણના મુહૂર્ત જુદા જુદા હોય છે. એક જ પદાર્થ માટે એક વ્યક્તિ ખરીદનાર છે અને બીજી વ્યક્તિ વેચનાર છે. આ ખરીદનાર અને વેચનાર બંને પોતાને યોગ્ય મુહૂર્તમાં જ ખરીદ કે વેચાણ કરવાનો આગ્રહ રાખે તો તે સોદો કેવી રીતે થઈ શકે?

મનુષ્ય જીવનનાં બે અગત્યના પ્રસંગો જન્મ અને મૃત્યુ છે. જે આપણા હાથમાં ન હોવાથી આપણે તેમાં મુહૂર્ત જોતા નથી. આ સિવાયના જીવનના બધા જ નાના-મોટા પ્રસંગોએ આપણે મુહૂર્ત બ્રાહ્મણો પાસે જોવડાવીને તે મુહૂર્તમાં જ તેનું આયોજન કરીએ છીએ. અન્નપ્રાશન, નામકરણ, મુંડન, જનોઈ, લગ્ન, સિમંત વગેરે સંસ્કારો નવા મકાનનું ભૂમિપૂજન અને ગૃહ પ્રવેશ વગેરે પ્રસંગો આપણે મુહૂર્ત જોઈને જ ગોઠવીએ છીએ. આમાં લગ્ન પ્રસંગો મુખ્યત્વે પોષ, મહા અને ચૈત્ર-વૈશાખ માસમાં ગોઠવવામાં આવે છે. આ લગ્નની મોસમમાં ઉત્તમ મુહૂર્તના દિવસોમાં ગાડી-બસમાં અતિભીડ તથા વાડી, ગોરમહારાજ, રસોઈયાની તીવ્ર અછતનો અનુભવ થાય છે.

વિચારશીલ મનુષ્યના મનમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શુભ મુહૂર્તમાં ગોઠવવામાં આવેલ લગ્નો શું હંમેશા સફળ થાય છે? અને અશુભ મુહૂર્તમાં કરેલ લગ્ન શું નિષ્ફળ જાય છે? પ્રત્યક્ષ અનુભવે આનો જવાબ ના જ હશે. ખરેખર લગ્ન જીવનની સફળતાનો આધાર એકબીજા પાત્રની યોગ્ય પસંદગી અને નીભાવવાની ભાવના ઉપર આધારિત છે. નવી નિમણૂંક વખતે નોકરી ઉપર અમુક તારીખ સુધીમાં હાજર થવાનું હોય છે અને તે પણ કચેરી સમય પહેલા સવારના સાડા દસ વાગે. આ વખતે આપણે ફલિત જ્યોતિષના ઉત્તમ મુહૂર્તનો આગ્રહ રાખતા નથી. આવી જ રીતે બદલી કે બઢતીના સમયે નવી જગ્યાએ તરત જ હાજર થવું અનિવાર્ય હોય છે ત્યારે આપણે ઉત્તમ મુહૂર્તની રાહ જોતા નથી. બીજું જ્યોતિષો ચાર્જ લેવા-આપવાનો સમય કાઢી આપે છે, જેમ કે અમુક તારીખ અને વારે ૩-૧૦નો સમય ઉત્તમ છે. અહીં અધિકારી ખરેખર ચાર્જની લેવડદેવડ ૩-૧૦ના સમયે કરે છે. પરંતુ કાયદેસરના પેપરો ઉપર તો કચેરી સમય પહેલાં કે કચેરી સમય પછી એટલે કે સવારે ૧૦-૩૦ કે સાંજે ૬-૦૦ વાગ્યાનો જ સમય નોંધે છે. આ એક અસત્ય વ્યવહાર છે અને ફલિત જ્યોતિષ આવા અસત્ય વ્યવહારને પોષે છે.

હવે આપણે પંચાંગનો અભ્યાસ કરીશું તો જાણવા મળશે કે દેવ પોઢી અગિયારસથી દેવ ઉઠી અગિયારસ એટલે કે અષાઢ સુદી અગિયાસરથી કાર્તક સુદી અગિયારસ સુધી ધનારક કમુહૂર્તો, મીનારક કમુહૂર્તો અને હોળાષ્ટકમાં શુભ પ્રસંગો, લગ્નો ગોઠવવામાં આવતા નથી. વર્ષમાં આવા આશરે ૧૮૦ દિવસ હોય છે અને બાકીના દિવસોમાં લગ્નના મુહૂર્ત આશરે ૮૦ દિવસ જ આવે છે. આ ઉપરાંત પોતાના અને નજીકના સગા સંબંધીઓના સંતાનોના અભ્યાસ અને પરીક્ષાના સમયપત્રકને ધ્યાનમાં લેતાં લગ્ન માટે યોગ્ય દિવસો બહુ જ ઓછા રહે છે. આથી આ સમયમાં ગોઠવેલ લગ્નમાં અતિ હાડમારી ભોગવવી પડે તે સ્વાભાવિક છે.

હવે સ્વામીનારાયણ અક્ષરપીઠ શાહીબાગ, અમદાવાદ દ્વારા પ્રકાશિત સ્વામીનારાયણ કથા મંડળના પ્રકરણ ૧૩ 'જનોઈ ધારણ કર્યું'નો શરૂઆતનો ફકરો વાચકોના લાભાર્થે અત્રે પ્રસ્તુત છે. 'ઘનશ્યામને હવે આઠમું વર્ષ બેસતું હતું. પિતાએ એમને જનોઈ દેવાનો વિચાર કર્યો. ફાગણ સુદ દસમને સોમવારનો દિવસ નક્કી થયો. ભારે ધામધૂમથી ઘનશ્યામને જનોઈ દેવામાં આવી.'

ફાગણ સુદ દસમ એટલે કે હોળાષ્ટકનો સમય. જેમાં શુભ મુહૂર્ત આવતા ન હોવાથી શુભ પ્રસંગો ગોઠવવામાં આવતા નથી. અહીં ઘનશ્યામ એટલે કે શ્રી સહજાનંદ સ્વામીને તેમના પિતાએ હોળાષ્ટકમાં જનોઈ આપી તેવું સ્પષ્ટ વિધાન છે. આમ છતાં સહજાનંદ સ્વામીના ભક્તો, અનુયાયીઓ ભાગ્યે જ હોળાષ્ટકમાં શુભ પ્રસંગોનું આયોજન કરે છે.

આજનો મોટાભાગનો શિક્ષિત વર્ગ મુહૂર્તની વાસ્તવિકતા જાણે છે, સમજે છે અને પરિવારના થોડાક વ્યક્તિઓના હઠાગ્રહના કારણે મુહૂર્ત જોઈને લગ્નઆદિ પ્રસંગોનું આયોજન કરે છે.

મુહૂર્ત જોઈને લગ્ન આદિ સંસ્કારો કરાવવાની અંધશ્રદ્ધા સમાજમાં ચાલુ રહેવાના મુખ્ય બે કારણો છે. એક પરંપરા નિભાવવાની ભાવના અને તેની વિરૂદ્ધ જવાની નૈતિક હિંમતનો અભાવ. બીજું જીવનમાં કોઈપણ પ્રકારનું સહેજ પણ દુ:ખ આવવું ન જોઈએ અને તે માટે સાચા-ખોટા બધા જ માર્ગો અપનાવવાની મનોવૃત્તિ.

હવે છેલ્લે આપણે મહર્ષિ દયાનંદ સરસ્વતીએ તા. ૨૦મી જુલાઈ, ૧૮૭૫ને બુધવારે પુનામાં કરેલ પ્રવચનના અંશ નીચે પ્રસ્તુત છે. 'આજે મુહૂર્ત વગેરેનો જે આડંબર ચાલે છે તે ખોટી બળજબરી છે. ખોટો સમય ન બગડે અને બધું કાર્ય નિયમિત સમયસર ચાલે એટલા માટે સમયપાલનમાં ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. પરંતુ એવા શાસ્ત્રાર્થમાં નકામો બકવાસ કરવો અયોગ્ય છે. જે રીતે આર્ય પ્રજા પહેલાના સમયમાં સ્વયંવર રચતી હતી. અમુક મુહૂર્તની ઘડી આવી ગઈ તે મુહૂર્તમાં જ કામ કરવાની હઠ રાખવી એવી માન્યતા એ સમયમાં ન હતી.

**- નાથુભાઈ ડોડિયા**

# જે મનુષ્ય ગુરુ, ઉત્તમશિક્ષણ અને સારું જ્ઞાન આપે તો તેનો ભોજન, વસ્ત્ર વગેરેથી સત્કાર કરવો જોઈએ પરંતુ તે ગુરુની પરમાત્મા સાથે સરખામણી ન કરી શકાય

## મોટો કોણ ? પરમાત્મા કે ગુરુ ?

લેખક : જગદીશચંદ્ર 'વસુ' ૨ અનુ. - વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

પરમપિતા પરમાત્માને શોધવા માટે બીજી કોઈ જગ્યાએ જવાની જરૂર નથી. સૃષ્ટિની દરેક વસ્તુ તેની ઓળખાણ આપી રહી છે, જરા ધ્યાનથી જુઓ. તમને નથી દેખાતો, તો તે કૃપાળુ પરમાત્માના વેદ વચનોને સાંભળો. 'પિપૃત રોદસી' તે દ્યુલોક અને પૃથ્વી લોકને ધારણ કરનાર છે. તે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે કોઈ બીજા સ્થાને જવાની આવશ્યકતા નથી. તે સર્વત્ર વિદ્યમાન છે. આખા સંસારમાં, સંપૂર્ણ બ્રહ્માંડમાં તે વ્યાપક છે. તે બધી જગ્યાએ વિદ્યમાન છે તે એકદેશી નથી, સર્વદેશી છે. પરંતુ તે પરમપિતા પરમાત્માને આપણે આપણી ચર્મચક્ષુઓથી જોઈ શકતા નથી. તે પરમાત્માને કવિ, મનીષી, સૂક્ષ્મદર્શી અને અન્તર્યામી કહેવામાં આવ્યો છે જે આંખથી દેખાય તે પરમાત્મા હોઈ શકે જ નહિં. તે પરમાત્માને જ્ઞાનચક્ષુથી હ્રદયમાં સાક્ષાત્કાર થાય છે. નિરાકાર પરમાત્માની સરખામણી સાકાર ગુરુથી કરી શકાય નહિં. પરમાત્મા નિરાકાર, સર્વજ્ઞ, સર્વવ્યાપક બધા ગુરુઓનો ગુરુ અને આંખ વગેરે ઈન્દ્રિયોનો વિષય નથી. તેની સરખામણી એકદેશી, શરીર ધારણ કરનાર, અલ્પજ્ઞ ગુરુ સાથે કેવી રીતે કરી શકાય ? મનુષ્યને જોઈ શકાય છે. પરંતુ પરમાત્મા રૂપરહિત હોવાથી આ ચર્મચક્ષુથી તેને જોઈ શકાતો નથી. તેથી મનુષ્યની ગુરુઓ વિશેની મોટી મોટી કલ્પનાઓ બનાવટી અને કપોલકલ્પિત છે. અવૈદિક છે. આ ઢોંગી ગુરુઓએ એક દુહો બનાવી ને પ્રસિદ્ધ કરેલો છે.

**ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકે લાગૌ પાય,**
**બલિહારી ગુરુ આપકી, ગોવિન્દ દિયો બતાય.**

ભોળા અને ભલા લોકોને આવા ઘડી કાઢેલા દુહા સંભળાવીને કહેવાતા ગુરુઓ પોતાની જાળ ફેલાવે છે. અજ્ઞાની અને લાચાર પુરુષોને પોતાની જાળમાં ફસાવે છે. આવા ઢોંગી પાખંડી, અંધવિશ્વાસી ગુરુઓથી લોકોએ દૂર રહેવું જોઈએ. જે લોકો આવા ગુરુઓની જાળમાં ફસાયેલા છે તેમને જ્ઞાની લોકોએ, બુદ્ધિશાળી લોકોએ બચાવવા જોઈએ. તો જ જીવનનું કલ્યાણ થશે, નહિં તો અજ્ઞાનરૂપી અંધારામાં અટવાયા કરશો.

મનુષ્યે પરમપિતા પરમાત્માનો સાક્ષાત્કાર જ્ઞાનથી પોતાના હ્રદયમાં કરવો જોઈએ. તે પરમાત્માને બધા ગુરુઓનો પણ ગુરુ સમજીને તેની જ સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરવી જોઈએ. અને એ રીતે પોતાના જીવનને સફળ બનાવવું જોઈએ. જે મનુષ્ય ગુરુ, ઉત્તમ શિક્ષણ અને સારું જ્ઞાન આપે તો તેનો ભોજન, વસ્ત્ર વગેરેથી સત્કાર કરવો જોઈએ. પરંતુ તે ગુરુની પરમાત્મા સાથે સરખામણી ન કરી શકાય.

**જેવી રીતે ભરવાડો પોતાના ઘેટાં બકરાં પાસેથી દૂધ વગેરે મેળવી લે છે તેવી રીતે આ કહેવાતા ગુરુઓ પણ ચેલા ચેલીઓ પાસેથી ધન હરીને પોતાનું સ્વાર્થ સિદ્ધ કરે છે.**

આર્યસમાજના સ્થાપક, ૧૯મી સદીના મહાન ક્રાંતિકારી, યુગ પ્રવર્તક, વૈદિક ધર્મનો ઉદ્ધાર કરનાર સ્વામી દયાનંદે પોતાના અમર ગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ' ના અગિયારમાં સમુલ્લાસમાં આ ઢોંગી, પાખંડી ગુરુઓની ચાલબાજી ઉઘાડી પડી છે. પ્રશ્નોત્તરના રૂપમાં લખ્યું છે.

**પ્રશ્ન - ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર:**
**ગુરુ: સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમ: ।**

ગુરુનું માહાત્મ્ય જ સાચું છે ગુરુના પગ ધોઈને એ પ્રાણીને ચરણામૃત તરીકે પીવું, ગુરુ જે આજ્ઞા કરે તે પ્રમાણે કરવું, ગુરુ લોભી હોય તો તેમને વામન જેવા માનવા, ક્રોધી હોય તો નૃસિંહ જેવા માનવા, મોહી હોય તો શ્રી રામ જેવા માનવા અને કામી તો શ્રી કૃષ્ણ જેવા માનવા. ગુરુ ગમે તેવાં પાપ કરે તો પણ અશ્રદ્ધા કરવી નહિં. સંત અને ગુરુનાં દર્શન એટલે જાણે કે અશ્વમેઘ યજ્ઞનું ફળ મળી ગયું આ બધી વાતો ખરી છે કે નહિં ?

ઉત્તર- આ વાતો બરાબર નથી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને પરબ્રહ્મ એ તો પરમેશ્વરનાં નામ છે. ગુરુ કોઈ પણ સમયે પરમાત્મા જેવો થઈ શકે નહિં. આ ગુરુ માહાત્મ્ય અને ગીતા તો મોટી પોપલીલા છે - જુઠાણું છે. ખરા ગુરુ તો માતા, પિતા, આચાર્ય અને અતિથિ હોય છે. તેમની સેવા કરવી, તેમની પાસેથી વિદ્યા અને શિક્ષણ લેવું, તે શિષ્ય અને ગુરુનું કામ છે. પરંતુ જે ગુરુ લોભી, ક્રોધી, મોહી અને કામી હોય તો તેને તરત છોડી દેવા જોઈએ. તેમને શિક્ષા કરવી, શિક્ષાથી ન માને તો મારપીટ કરવી, દંડ દેવો અને તેમને મારી નાખવામાં પણ દોષ નથી. જે વિદ્યા વગેરે ગુણોને ગુરુપણું માનતા નથી અને કંઠી, તિલક અને વેદ વિરુદ્ધ મંત્રોનો ઉપદેશ કરવાવાળા છે, તે ગુરુ કહેવાય જ નહિં. તે તો ઘેટાઓને વાળનારા ભરવાડો જ છે. જેવી રીતે ભરવાડો પોતાના ઘેટાં બકરાં પાસેથી દૂધ વગેરે મેળવી લે છે તેવી રીતે આ કહેવાતા ગુરુઓ પણ ચેલા ચેલીઓ પાસેથી ધન હરીને પોતાનું સ્વાર્થ સિદ્ધ કરે છે.

(ક્રમશઃ)

# મહર્ષિ વાલ્મિકી ડાકુ નહોતા

મહર્ષિ વાલ્મીકિ ભારતીય સંસ્કૃતિના પુરોધા હતા. ઈતિહાસના અતિદીર્ઘકાળમાં તેમના જીવન સંબંધમાં અનેક પ્રકારની મિથ્યા કલ્પનાઓ પ્રચલિત થઈ ગઈ. મહર્ષિજીવનના સંબંધમાં સાચી જાણકારી તેના સમકાલીન સાહિત્ય કે તેમના સ્વયંરચિત ગ્રંથોથી મળી શકે છે. રામાયણ તેમની કાલજયી રચના છે. આજે તેમની પ્રતિષ્ઠામાં ઓછપ અવશ્ય આવી છે, પરંતુ લોકપ્રિયતામાં નહિ. પ્રતિષ્ઠામાં ઓછપ એટલા માટે કે વાલ્મીકિ રચિત રામાયણના અનુશીલનની અપેક્ષાએ અર્વાચીન લેખકોની રચનાઓ વધુ પ્રચલનમાં છે.

મહર્ષિના જીવનના સંબંધમાં સર્વાધિક પ્રચલિત મિથ્યા ધારણામાં એ છે કે તેઓ ડાકુ હતા અને કોઈ સાધુ દ્વારા રામ નામની દીક્ષા આપવાથી તપસ્યા કરતા તેમના શરીર પર દીમક (ઉધઈનો રાફડો) લાગી ગઈ. આથી તેમનું નામ વાલ્મીકિ પડી ગયું. અત્રે એ બાબત વિચારણીય છે કે શું આ કલ્પના મિથ્યા છે. જો મિથ્યા છે તો આના પ્રચલનનું કારણ શું છે - અને શું આ માનવીય તેમજ તર્કપૂર્ણ છે.

### તપસ્યા શું છે ?

તપસ્યાનો અર્થ એક સ્થાન પર બેસી કોઈ નામનું નિરંતર જપ કરવો નથી. તપસ્યાનો મતલબ છે કે કોઈ કામને લક્ષ્ય બનાવી પૂર્ણ નિષ્ઠા તેમજ સમર્પણથી પૂર્ણ કરવું. આધુનિક યુગમાં આપણે સાંભળીએ છીએ કે કોઈક વૈજ્ઞાનિકે એક મશીન કે તે વસ્તુનો આવિષ્કાર કર્યો છે અને તેઓ આ કાર્ય પાછળ છેલ્લા વીસ વર્ષોથી અનસુંધાન કરી રહ્યા હતા. વાસ્તવમાં આ જ તપસ્યા છે. કહેવાય છે -'**द्वन्द्व सहनं तपः**' દ્વંદ્વોને, સુખ-દુ:ખ, લાભ-નુકશાન, હિત-અહિત, જય-પરાજય, માન-અપમાનને સમભાવથીસહન કરવું જ તપ છે. યોગીઓની ૧૮-૧૮ કલાક સમાધિ તો સાંભળી-વાંચી છે, પરંતુ આ પ્રકારની સમાધિની કલ્પના જ કરવી દુષ્કર છે કે શરીર પર ઉધઈનો રાફડો જામી જાય.

### વલ્મીકનો અર્થ

આ ભ્રમ વલ્મીકના અર્થથી જ થયો છે. વલ્મીકનો અર્થ ઉધઈ પણ છે - પરંતુ કેવળ ઉધઈ જ નથી. મેઘદૂતમાં વલ્મીકનો અર્થ સાતપમેઘ છે.

'**वल्मीकाभ्रात प्रभवति धनुः खण्डमाखण्डलस्य**' અહીં વાદળ (રુદ્ર) નો સંબંધ ઈન્દ્રધનુષ્ય સાથે જોડેલ છે જે તાર્કિક છે. અહીં કેટલાક મહાનુભાવોએ ક્લિષ્ટ કલ્પના કરી ઈન્દ્રધનુષ્યનો સંબંધ ઉધઈની લાકડી સાથે જોડ્યો છે.

**તપસ્યાનો અર્થ એક સ્થાન પર બેસી કોઈ નામનું નિરંતર જપ કરવો નથી. તપસ્યાઓ મતલબ છે કે કોઈ કામને લક્ષ્ય બનાવી પૂર્ણ નિષ્ઠા અને સમર્પણથી પૂર્ણ કરવું.**

પરંતુ મહર્ષિ વાલ્મીકિના સંબંધમાં આ બંનેનો અર્થ અપેક્ષણીય નથી. વલ્મીક ઋષિ-વિશેષનું નામ છે અને તેનો પુત્ર હોવાના કારણે વાલ્મીકિ છે. અવન્તી ક્ષેત્ર મહાત્મ્ય ખંડમાં વાલ્મીકિનું મૂળ નામ **અગ્નિશર્મા** દર્શાવેલ છે. રામાયણના રચયિતા વાલ્મીકિનું નામ વલ્મીકની સંતાન હોવાના કારણે છે. વલ્મીક શબ્દથી **अत इञ्** (૪/૧/૯૫) સૂત્રથી '**इञ्**' પ્રત્યય લાગવાથી વાલ્મીકિ શબ્દ નિષ્પન્ન થાય છે. '**गहादिभ्यश्च**'(૪/૨/૧૩૮) ની પ્રક્રિયા સર્વસ્વટીકાથી પણ આ બોધ થાય છે. '**वाल्मीकि सोमित्र्यादेरिंजश्च इत्यणबाधाय पाठः**' (**तद्धितखण्ड पृष्ठ. ७०**) વ્યાકરણના પ્રમાણોથી એ જ્ઞાત થાય છે કે વલ્મીક ઋષિનું નામ છે અને તેના પુત્રનુ નામ વાલ્મીકિ. આથી વાલ્મીકિને પૂર્વ જીવનમાં ડાકુ માનવાની વાત મિથ્યા કલ્પના તેમજ અજ્ઞાન પર આધારિત છે.

### પુરાણોની સાક્ષી :

કેટલાક અર્વાચીન પુરાણોમાં વાલ્મીકિનો પ્રસંગ આવે છે જે કોઈપણ રુપમાં પ્રામાણિક માની ન શકાય. કારણ કે તેઓના પ્રકરણમાં જ એટલી બધી ભિન્નતા છે કે કોને પ્રામાણિક માનવામાં આવે એ જ નિશ્ચય ન કરી શકાય. સ્કન્દ પુરાણના વિષ્ણુખંડમાં પ્રસંગ છે કે શંખ નામના ઋષિની વસ્તુઓની કોઈ વ્યાધે ચોરી કરી. શંખ ઋષિએ ઉપદેશ આપ્યો અને બીજા જન્મમાં તે કૃણુ ઋષિનો પુત્ર બન્યો તથા રામાયણની રચના કરી. આ જ પુરાણના પ્રભાસ ક્ષેત્ર મહાત્મ્યમાં રામાયણના રચયિતાનું મૂળ નામ વૈશાખ કહેવામાં આવ્યું છે. તેઓ ક્રૂર હતા અને સપ્તર્ષિઓના ઉપદેશના કારણે તપસ્યા કરી. આ જ પુરાણના નાગખંડમાં તેમનું નામ લોહજંગ કહ્યું છે. પુરાણોની રચના ખૂબ લાંબા સમય પછી થયેલ છે. આથી તેના આધાર પર વાલ્મીકિનું દસ્યુ હોવું અને તપસ્યા કરી ઉધઈનો રાફડો જામી જઈ વાલ્મીકિ થવું પ્રામાણિક માની શકાય નહિ. વાલ્મીકિ સ્વયં એક સ્થાન પર કહે છે કે મેં મારા જીવનમાં કોઈપણ દુષ્કર્મ કર્યું નથી. શું આ ઋષિવચન પોતે ડાકુ નહોતા તે પ્રમાણિત નથી કરતા ? વલ્મીકના અર્થના અજ્ઞાનના કારણે જ આ મિથ્યા કલ્પનાની પ્રતીતિ થાય છે.

- પ્રિયદેવ

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com